સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર - સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

ફેબ્રુઆરી - ૨૦૧૫ ◆ બે વર્ષ લવાજમ રૂા.૧૬૦/-



જૂનાગઢધામને આંગણે ઉજવાયેલ 'વસંતોત્સવ તથા શિક્ષાપત્રી જયંતિ મહોત્સવ' પ્રસંગે શ્રી રાધારમણ દેવ આદિક દેવોના અભિષેક બાદ દેવોના સાન્નિધ્યમાં બંને મોટા **પ.પૂ. લાલજી મહારાજશ્રી** તથા બંને **પ.પૂ. બાળલાલજી મહારાજશ્રી.** (તા. ૨૪-૨-૨૦૧૫)

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે યોજાયેલ પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે નવનિર્માણ

# નૂતન હરિમંદિરોના ખાતમુહૂર્તવિધિ-ભૂમિપૂજન મહોત્સવ






જૂનાગઢ પ્રદેશના સ.ગુ. શ્રી નિત્યાનંદ સ્વામીની દીક્ષાભૂમિ એવા મેઘપુર (તા.વંથલી) ગામને આંગણે તા. ૨૪-૧-૨૦૧૫ના રોજ યોજાયેલ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્ત મહોત્સવ






જૂનાગઢ પ્રદેશના સર (તા. જી. રાજકોટ) ગામને આંગણે તા. ૨૬-૧-૨૦૧૫ના રોજ યોજાયેલ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્ત મહોત્સવ






જૂનાગઢ પ્રદેશના કોટડા સાંગાણી (જી. રાજકોટ) ગામને આંગણે તા. ૩૦-૧-૨૦૧૫ના રોજ યોજાયેલ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્ત મહોત્સવ







ગઢડા પ્રદેશના ઉમરાળી (જી. રાજકોટ) ગામને આંગણે તા. ૩૦-૧-૨૦૧૫ના રોજ યોજાયેલ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્ત મહોત્સવ



॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધારનું રજિસ્ટર્ડ મુખપત્ર ઈ.સ. ૨૦૦૫ના જૂન માસથી પ્રારંભાયેલું, દર માસની ૨૦ તારીખે પ્રકાશિત થતું, આપના સમગ્ર કુટુંબ-પરિવારમાં આનંદ અને સંસ્કારની સૌરભ પ્રસરાવે અને જીવનનું અનેરું ઘડતર કરતું સામયિક.

# સ્વામિનારાયણ ચિંતન


**વર્ષ : ૩, અંક : ૨, તા. ૨૦-૦૨-૧૫**

પ્રયોજક :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

:: પ્રસિદ્ધ કર્તા ::

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી

**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫.

**પ્રકાશક/માલિક/તંત્રી :-** સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક :-** સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

**સંકલન : સાધુ અમૃતસ્વરૂપદાસજી**

ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર અંગે ગ્રાહક પત્ર વ્યવહાર :-**

**ચિંતન કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર,

તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

www.sardhardham.com, www.svg.org

**Email :** srdharmandir@gmail.com


## અનુક્રમણિકા


પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ

શ્રીમદ્ સત્સંગિજીવન  કથા અમૃતકણિકા ... ૦૪

૨. સત્સંગ સમાચાર પત્રિકા ... ૨૦

૩. કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ ... ૩૧

૪. નૂતન હરિમંદિરોની મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવોની તિથિ-તારીખ ... ૩૨

૫. ટ્રેનયાત્રા ... ૩૪



**લવાજમ દર :-** બે વર્ષ : રૂા. ૧૬૦/-, પંચવાર્ષિક : રૂા. ૩૫૦/-, પચ્ચીસ વર્ષ : રૂા. ૭૫૦/-

પરદેશમાં લવાજમ : **$ 200 U.S.A. £ 125 U.K.**



हमारा लक्ष्य विश्व का कल्याण हो...

Online : www.lakshyatv.com

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની

દિવ્ય અમૃતવાણી

સમય : દરરોજ

પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે

સત્સંગ કથા પારાયણ

સમય : દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના શ્રીમુખે

સત્સંગ કથામૃત

સમય : દરરોજ સવારે ૫.૩૦ થી ૭.૩૦



**પૂ. સદ્‌ગુરુ સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના શ્રીમુખે ગવાયેલ**



# શ્રીમદ્ સત્સંગિજીવન કથા અમૃતકણિકા

સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ**ની અમીદૃષ્ટિથી તેમજ વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદથી, સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી વિરચિત સંપ્રદાયના મહાન સમ્રાટ ગ્રંથરાજ **'શ્રીમદ્ સત્સંગિજીવન'**ની નવ દિનાત્મક **કથાપારાયણ** પ્રસંગે **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**એ રજૂ કરેલા સાંપ્રદાયિક લીલાપ્રસંગો, સંત-ભક્તોના ચરિત્રો, ધર્મગ્રંથોના દૃષ્ટાંતો, અન્ય સામાજિક દૃષ્ટાંતો તેમજ આધ્યાત્મિક મૌલિક વિચારોનું **'આદર્શ સત્સંગ કથાસુધા'** પુસ્તકના સારરૂપ ડીસેમ્બર-૨૦૧૪ 'ચિંતન' અંકની લેખમાળાના અનુસંધાનથી આ ચિંતન અંકમાં પ્રસ્તુત છે.

**સંકલન :-** સાધુ અમૃતસ્વરૂપદાસ, ગુરુ :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**ડીસેમ્બર - ૨૦૧૪ અંકથી આગળ...**

➠ સાધુપુરુષનું હૃદય દયાનો દરિયો હોય છે. કોઈએ મારી સાથે કેવો વ્યવહાર રાખ્યો છે, એની સાથે એને નિસ્બત ન હોય. બસ, મારે કેવો વ્યવહાર રાખવો જોઈએ, એ જ અનુસંધાન હોય એ 'સંત.'

➠ માણસને સુખ મેળવવું હોય તો અમુક અવસ્થા થાય ત્યારે જીવ હોવા છતાં મૌન થઈ જવું, આંખ હોવા છતાં આંધળા થઈ જવું અને કાન હોવા છતા બહેરા થઈ જવું. શ્રીમદ્ ભાગવતજીનો **એકાદશ સ્કંધ** કહે છે કે, અતિ બોલનારો, અતિ ખાનારો, અતિ હસનારો અને અતિ કોઈની નિંદા કરનારો - આ તમામ અધોગતિને પામે છે. જરૂર કરતા વધારે બોલવું જ નહિ. કારણ કે વધારે બોલવામાં શક્તિનો વ્યય થાય છે. આયુર્વેદિક શાસ્ત્રો એમ કહે છે કે, કોઈ ૧૦ કિ.મી. ચાલે અને કોઈ એક કલાક બોલે - એ બંનેમાં એક સરખી શક્તિનો વ્યય થાય છે. જેને ટૂંકુ બોલીને, ઓછું બોલીને અને મીઠું બોલીને કાર્ય કરતા આવડશે એ બધાને બહુ **પ્રિય** લાગશે.

કાર્ય સારું કરશે, પણ જેની વાણી બહુ લંબાણપૂર્વક હશે, કોમળતા નહિ હોય, કર્કશ વાણી હશે એ **અપ્રિય** બનતો જાય છે. માટે જરૂર કરતા એક શબ્દ વધારે ન બોલવો જોઈએ. મશીનરોના એન્જિનો વધારે બોલે એની કિંમત થતી નથી. જેમ કોઈ કૂવા પર મૂકેલ પાણી ખેંચવાનું મશીન પાણી મૂકી દે ત્યારે વધારે અવાજ કરવા મંડે છે તેમ પાણી વિનાનો માણસ જ બહુ બોલ્યા કરે છે. જેનામાં પાણી એટલે ખુમારી હોય, એ તો કરી દેખાડે. વધારે બોલીને જવાબ આપવા કરતા કાર્ય કરીને જવાબ આપતા શીખો.

અકારણ કોઈની નિંદા કરવી નહિ, કારણ કે એ અધોગતિનો માર્ગ છે. શ્રીમદ્ ભાગવતજીનો એકાદશ સ્કંધ કહે છે કે, અન્યની નિંદા કરનારો પોતે સ્વયં અધોગતિને પામે છે. એને કોઈ દિવસ સારા વિચારો આવતા જ નથી. બીજાની નિંદા કરતા કરતા પોતાનું પણ જીવન અન્યની દૃષ્ટિમાં નિંદનીય થઈ જાય છે. એનું જીવન પણ બેફામ બની જાય છે. પછી એ પરમાત્મામાં, સત્શાસ્ત્રોમાં કે ભગવાનના સંતો-ભક્તોમાં પણ હેત-પ્રીત કરી શકતો નથી.

➠ શાસ્ત્રો-ધર્મગ્રંથોના વચનમાં **વિશ્વાસ** રાખવો એ વાત બહુ ગહન છે. એનાથી પણ પ્રગટ ભગવાન હોય ત્યારે ભગવાનની ક્રિયામાં વિશ્વાસ રાખવો એ કઠિન બાબત છે. મહાપુરુષોના જીવનના વિચારો એ સામાન્ય પુરુષના વિચાર કરતા કંઈક **અદ્વિતીય** હોય છે.

➠ ભગવાનના ભજનમાં જેને આગળ વધવું હોય એ ત્યાગી હોય કે ગૃહી હોય, તમામને તપમાં રુચિ રાખવી પડે છે. તપમાં રુચિ રાખનાર સાધક મુમુક્ષુ જ આધ્યાત્મિક પથમાં ગતિ કરી શકે છે.

➠ શાસ્ત્રમાં દૃષ્ટિ નાખશો તો તમને ખ્યાલ આવશે કે ક્ષુદ્ર જ્ઞાતિમાં જન્મેલા વ્યક્તિઓ પણ બ્રહ્માદિકને પૂજન કરવા યોગ્ય બન્યા છે. જૂનાગઢનો ગોવો ભંગી. સ.ગુ. શ્રી નારાયણદાસજી સ્વામી કહે : "ગોવા ! તું અને હું જ્યારે દેહ છોડીશું ત્યારે અક્ષરધામમાં ગોઠણ ઉપર ગોઠણ દબાવીને બેસીશું.'' અરે ! લીમલી ગામના જાતના વાઘરી સગરામ. દારુ-માંસ-હિંસાનો ત્યાગ કરીને ધર્મમય જીવન બનાવીને ભક્ત બન્યા હોવાથી ભગવાન શ્રી સ્વામિનારાયણને સાત-સાત દિવસ સુધી એના આંગણે રોકાવું પડ્યું છે. નંદ નામનો ભંગી ! જગન્નાથપુરીમાં જાય છે ત્યારે ભગવાન જગન્નાથ તેમને મંદિર પરિસરથી બહાર આવીને દર્શન આપે છે. સંત રોહીદાસ. હરિજન જ્ઞાતિમાં જન્મ્યા હતા. ભગવાનેય એમના ઘેરે સેવા કરવા માટે આવે. શબરી ભીલ જ્ઞાતિમાં જન્મી હતી, પણ ભગવાન શ્રીરામને એના એંઠા બોર ખાવા પડ્યા છે.

શ્રેષ્ઠ જ્ઞાતિમાં જન્મ થાય, એ બહુ સારી વાત છે. પણ એના કરતાંય શ્રેષ્ઠ જીવન જીવાય એ વધારે શ્રેષ્ઠ છે. બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ પ્રાપ્ત થયો હોય, પરંતુ જીવન જો હલકટ હોય, દારુપાન-માંસભક્ષણ-વ્યભિચાર-પાપાચાર-વ્યસન-કુટેવ હોય; તો એ બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ્યા પછી પણ શું ફાયદો ?

➠ સમાજમાં તમો તમારી બહેન-દીકરીઓના લગ્નસંબંધો કરો તે ધન-સંપત્તિને જોઈને કરશો નહિ, રંગરૂપ જોઈને કરશો નહિ, પણ સંસ્કારને જોઈને કરજો. કદાચ ઓછી ધન-સંપત્તિ હશે તોપણ લુખો રોટલો ને છાશ ખાઈને પણ જિંદગી જીવી શકાશે. પરંતુ સંસ્કારવિહીન પુરુષ સાથે જો સંબંધ કરવામાં આવશે તો તેને કેમ જિંદગી પાર ઉતારવી ? તે એક પ્રશ્ન બનીને અલ્પવિરામ બની જશે.

અરે ! જે બહેન-દીકરીએ પોતાની જિંદગીમાં ક્યારેય મોંમા લસણ-ડુંગળી નથી મૂક્યા, એવી પવિત્ર નારીઓને લઈને તેના મા-બાપ-ભાઈ ધન-સંપત્તિને જોઈને કોઈ દારુડીયા, વ્યસની કે સંસ્કારવિહીન વ્યક્તિ સાથે પરણાવી દેશે ત્યારે જિંદગી કેમ કાઢવી ? ક્યારેક ક્યારેક ભલભલા થાપ ખાઈ જાય છે.

➠ બધું જ મળે પણ **સત્સંગ** ક્યાં મળે ? આપણે કોણ છીએ એ વાતને જિંદગીમાં કદી ભૂલશો નહિ. ભગવાને આપણને સત્સંગમાં જન્મ આપ્યો છે, કદાચ પાકિસ્તાન અને અનાર્ય દેશોમાં જન્મ આપ્યો હોત તો શું કરત ?

➠ ક્ષત્રિયનો એ **પરમ ધર્મ** છે કે, રૈયતનું પાલન કરવું. 'રૈયતનું સુખ એ અમારું સુખ છે અને રૈયતનું દુઃખ એ અમારું દુઃખ છે.' ક્ષત્રિયોએ એ ધર્મો બજાવ્યા પણ છે. યાદ કરો :

મોરબીના એ અમર ઈતિહાસને !!

➠ વ્યાજે રૂપિયા આપવા એ ધર્મ છે. પણ એમાં મર્યાદાની બહાર જવું એ **અધર્મ** છે. કોઈ ગરીબ નિરાધાર હોય, પોતાની બહેન-દીકરી ઉંમરલાયક થઈ હોય, લગ્નપ્રસંગે તમારી પાસે વ્યાજે રૂપિયા માંગે; અરે ! ક્યારેક કોઈના મા-બાપ બિમાર થયા હોય, જન્મમરણની વચ્ચે જોકા ખાતાં હોય ત્યારે રૂપિયા માંગવા આવ્યો હોય ત્યારે એની મજબુરીનો લાભ કદી લેશો નહિ. નહિ તો આ જગતમાં મજબુરીનો બહુ લાભ ઉઠાવવામાં આવે છે. ૩% લાગશે, ૪% લાગશે બોલ છે ગરજ ? મજબુર માણસ બિચારો શું કરશે ? તે હા કહેશે.

દસ હજાર રૂપિયા આપી એનો ૨૦-૨૫ હજાર રૂપિયાનો દાગીનો લઈ લેવામાં આવશે. પછી વ્યાજનું વ્યાજ, વ્યાજનું વ્યાજ ચક્રવૃદ્ધિ વ્યાજ ! ચાર-પાંચ મહિના, વર્ષ-બે વર્ષ થાય એટલે દાગીનો તે વ્યાજમાં જ પુરો થઈ જાય !!

ગરીબ તો બિચારો કંઈ નહિ બોલ શકે, પણ કોઈ સારા પ્રસંગોમાં વ્યાજથી પડાવી લીધેલો ગરીબનો દાગીનો વ્યાજ લીધેલ વ્યક્તિની કોઈ નારી પહેરીને આવ્યા હશે, અને એ ગરીબ નિરાધારની નારી એ દાગીનો પેલી નારીના ગળામાં જ્યારે જોઈ જશે ત્યારે એ ગરીબની આંતરડી દૂભાશે. ગરીબની આંતરડી કકળશેને તો સાત-સાત પેઢીનું **નખોદ** કાઢી નાખશે. માટે જિંદગીમાં આવી કદી ભૂલ કરશો નહિ.

મજબુર બિચારો કોઈ માણસ હોય, તે તકલીફમાં આવ્યો હોય અને એનું દસ લાખ રૂપિયાનું મકાન બે-ચાર લાખ રૂપિયા આપીને વ્યાજનું વ્યાજ કરીને ચાર લાખ આપીને દસ લાખનું મકાન પડાવી લઈએ, તે ઠાકોરજી તેને માફ નહિ કરે. માટે જીવનમાં આવી ભૂલ થઈ જતી હોય તો ઠાકોરજી પાસે માફી માંગીને સુધારી લેજો. કંઈક અંશે આપણે **માનવતાભર્યું જીવન** જીવતા તો થઈએ !!!

➠ પરમાત્મા અને મહાપુરુષો આ પૃથ્વી ઉપર જ્યારે અવતાર ધારણ કરે છે ત્યારે પ્રત્યેક પળ વિચાર કરતા હોય છે કે, **અનંત આત્માઓનું શ્રેય** કેમ થાય ? તેઓની દરેક ક્રિયા એવી હોય છે કે, જેના દ્વારા અસંખ્ય જીવાત્માઓ ભવસાગરને પાર ઉતરી શકે. સામાન્ય જીવાત્મા હંમેશા પોતાના સુખના જ વિચારો કરતો હોય છે. જ્યારે પરમેશ્વર અને સત્પુરુષો સદૈવને માટે અનંત મુમુક્ષુઓના સુખના વિચારો કરતા હોય છે.



સર્વોપરી નિષ્ઠા સુદૃઢ કરીને એક નહિ, સાત-સાત ગાંઠ વાળજો. તેના પર માથે મીણના ટીપા મૂકી દેજો. ગમે તેવો આપત્કાળ આવે તોપણ એક ભગવાન શ્રીહરિ વિના કોઈ ઠેકાણે વિશ્વાસ કે પ્રતીતિ ન થાય તેનું ખાસ ધ્યાન રાખજો.

સામાન્ય જીવાત્મા આ ભૂમંડળ ઉપર કર્મને આધીને બનીને આવતો હોય છે, જ્યારે પરમાત્મા અને મહાપુરુષો સ્વતંત્ર થકા આ લોકમાં પધારી સેંકડો મનુષ્યોના કલ્યાણ કરતા હોય છે. સામાન્ય માણસ આ લોકમાં જન્મ પામ્યા પછી સ્વાર્થને આધીન બનીને તે પ્રત્યેક ક્રિયા કરતો હોય છે. જ્યારે પરમેશ્વર અને સત્પુરુષો હંમેશા પરમાર્થને માટે ક્રિયા કરતા હોય છે.

➠ કદાચ માળા, પ્રદક્ષિણા ઓછી કરશો તો ચાલશે, પણ ભગવાન શ્રીહરિના સ્વરૂપને ઓળખવામાં ભૂલ રહી જશે અને અન્ય દેવ-દેવીઓમાં પ્રતીતિ થઈ જશે તો આત્યંતિક કલ્યાણમાં બહુ ફેર પડી જશે. સર્વોપરી નિષ્ઠા સુદૃઢ કરીને એક નહિ, સાત-સાત ગાંઠ વાળજો. તેના પર માથે મીણના ટીપા મૂકી દેજો. ગમે તેવો આપત્કાળ આવે તોપણ એક ભગવાન શ્રીહરિ વિના કોઈ ઠેકાણે વિશ્વાસ કે પ્રતીતિ ન થાય તેનું ખાસ ધ્યાન રાખજો.

અમો એવું નથી કહેતા કે, દેવ-દેવીઓ એ સમર્થ નથી. બધાય સમર્થ છે, બધાયની પાસે સામર્થી છે. પણ એ સામર્થી ભગવાન શ્રી સ્વામિનારાયણે આપેલી સામર્થી છે. બધાય પાસે સામર્થી છે પણ એ બધાની મર્યાદા છે.

ગામના સરપંચનેય **સમર્થ** કહેવાય, તાલુકા પ્રમુખનેય સમર્થ કહેવાય, કલેકટરને સમર્થ કહેવાય, મુખ્યમંત્રીને પણ સમર્થ કહેવાય. આ બધા **શક્તિશાળી** જ કહેવાય, પરંતુ વડાપ્રધાનની પાસે આ તમામની શક્તિ પાંગળી દેખાય છે. એમ દેવ-દેવીઓમાં કોઈ સરપંચને સ્થાને, કોઈ તાલુકા પ્રમુખને સ્થાને, કોઈ મુખ્યમંત્રીને સ્થાને છે; પણ વડાપ્રધાનને સ્થાને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ સર્વાવતારી **ભગવાન શ્રી સ્વામિનારાયણ** છે. આ વાતને જિંદગીમાં કદી ભૂલશો નહિ. અને આ વાત જો ભૂલાશે તો આત્યંતિક કલ્યાણના માર્ગમાં બહુ જ ફેર પડી જશે.

અને આપણે બીજે માથા કૂટવા ક્યાં જવાની જરૂર છે ? મહાપ્રભુ શ્રીહરિએ જેતપુરમાં ધર્મધુરા સંભાળી ત્યારે ગુરુ રામાનંદ સ્વામી પાસે માંગી લીધું છે કે, "અમારા સત્સંગીના પ્રારબ્ધમાં રામપત્તર લખ્યું હોય તે મને આવે પણ અમારા સત્સંગી અન્ન-વસ્ત્રે કરીને દુઃખી ન થાય." માટે ભક્તજનો ! ભગવાન શ્રીહરિના સ્વરૂપમાં દૃઢ નિષ્ઠા રાખીને ભજન-ભક્તિ કરજો. સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ વિના

અન્યમાં આપણું મન જશે તો આપણું પતિવ્રતાપણું જશે અને વ્યભિચારિણીની ભક્તિ ગણાશે. ભગવાનનો અનન્ય આશ્રિત એને જ કહેવાય કે, એક ભગવાન શ્રીહરિ સિવાય તેને કોઈને રીઝવવાનું તાન ન હોય.

શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૩૮મા **વચનામૃત**માં કહે છે : ''સંસારી જીવ છે તેને તો કોઈક ધન દેનારો મળે કે દીકરો દેનારો મળે તો ત્યાં તરત પ્રતીતિ આવે અને ભગવાનના ભક્ત હોય તેને તો જંત્ર-મંત્ર, નાટક-ચેટકમાં ક્યાંય પ્રતીતિ આવે જ નહિ. અને જે હરિભક્ત હોય ને જંત્રમંત્રમાં પ્રતીતિ કરે તો સત્સંગી હોય તે પણ અર્ધો વિમુખ જાણવો.''



ભગવાનના ભક્તો ખાસ **અનુસંધાન** રાખે કે, આપણને શ્રીજીમહારાજ વિના પ્રતીતિ ન આવી જાય. અને જો આવી જાય તો તેને કેવળ ગુણ બુદ્ધિવાળો ભગવાન શ્રીહરિ કહે છે.

ગઢડા મધ્ય પ્રકરણના ૬૬મા **વચનામૃત** માં શ્રીજીમહારાજ મુક્તાનંદ સ્વામીને પૂછતા હવા જે, ''ભગવાનને યથાર્થ જાણ્યા હોય ને ભગવાન તો કાંઈ ચમત્કાર ન દેખાડતા હોય ને બીજા જે જંત્ર-મંત્રવાળા હોય તે તો પરચો દેખાડતા હોય, તેને દેખીને ભગવાનનો ભક્ત હોય તેનું મન ભગવાનમાંથી કાંઈ ડગે કે ન ડગે ?'' પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''હે મહારાજ ! જેને ભગવાનનો યથાર્થ નિશ્ચય હોય તેને તો ભગવાન વિના બીજે ક્યાંય પ્રતીતિ આવે જ નહિ અને જો બીજે ઠેકાણે પ્રતીતિ આવી તો તેને ભગવાનનો નિશ્ચય જ નથી. એ તો ગુણબુદ્ધિવાળો હરિભક્ત કહેવાય પણ યથાર્થ ભગવાનનો ભક્ત ન કહેવાય.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એ જ એનો ઉત્તર છે.''

ભગવાનના ભક્તો **ખાસ અનુસંધાન** રાખે કે, આપણને શ્રીજીમહારાજ વિના પ્રતીતિ ન આવી જાય. અને જો આવી જાય તો તેને કેવળ ગુણબુદ્ધિવાળો ભગવાન શ્રીહરિ કહે છે. માટે આપણે 'હરિભક્ત'ની પંક્તિમાં ભળવું છે કે 'ગુણબુદ્ધિવાળા'ની પંક્તિમાં ભળવું છે તે આપણા હાથની વાત છે.

➠ પાપી આત્માનો અંતસમો જ્યારે આવે છે ત્યારે તેને જમના દૂતો તેડવા આવે છે. જમદૂતોથી બચવા માટે અનેક પ્રયાસો કરે છે, પણ કાળના સકંજામાંથી કોઈ બચ્યો નથી ને કોઈ બચવાનો પણ નથી. જે અનન્યભાવથી ભગવાન સાથે જોડાયો નથી, તે ગમે તેટલા પ્રયાસો કરશે તોપણ એ કાળના સકંજામાંથી છૂટી નહિ શકે. એ રંક હોય તોય ભલે ને તવંગર હોય તોય ભલે, એ અમીર હોય તોય ભલે ને ગરીબ હોય તોય ભલે, એ અભણ હોય તોય ભલે ને વિદ્વાન હોય તોય ભલે.

**'છે દોષી કે નિર્દોષ તે ખબર નથી ખંઝરને,**
**ખબર નથી ખંઝરને,**
**ઉઝડ થશે ફૂલવાડીઓ એ ખબર નથી બંદરને;**
**રહેમ ખાવી ગમતી નથી ગરીબોને કે અમીરોને,**
**છોડી જવું પડશે એક દી અકેલા તે ખબર**
**નહોતી સિકંદરને.'**

➠ આ સત્સંગ વૃદ્ધિ જરૂર પામ્યો છે, પણ આછો બહુ થઈ ગયો છે. એનું ઘટ્ટપણું જતું રહ્યું છે. 'આપણે કોણ છીએ ?' એ વાત જ જાણે ભૂલાઈ ગઈ છે અને જ્યાં ત્યાં ઠીક પડે ત્યાં માથા ઘસતા થઈ ગયા છીએ.

એક હરિભક્તના ઘેરે પધરામણીમાં ગયા હતા. ત્યાં મામો-મામો કહે છે તેનો ફોટો મૂકેલો હતો. તેને કહ્યું : ''ભગત ! આ ફોટો તમારી ઘેરે ?''

ત્યારે તે હરિભક્ત કહે : ''હું દરેક ગુરુવારે મામાને ત્યાં પગે લાગવા જાઉં છું. તેથી...''

''ધિક્કાર છે તને અને તારી જિંદગીને !! સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા પછી તું મામાને વળગ્યો છે ? મામો એટલે શું ? આ મૃત્યુલોકમાં જન્મ મળ્યા પછી જેણે પોતાનું કર્તવ્ય નિભાવ્યું નથી, પરમાત્માનું ભજન કર્યું નથી અને અનેક વાસનાનો ખજાનો બન્યો ને ભૂત બન્યો તે મામા...!!! ભગવાન શ્રીહરિના આશ્રિત થઈને મામા-ભૂતમાં મન લાગ્યું !!''

આપણા મનમાં તો ક્યારેક ક્યારેક એમ થાય કે, જીવ ક્યાં માથા ઘસવા જાય છે ? કોઈ વિચાર કરતું નથી. આ તો હાથી ઉપરથી નીચે ઉતરીને ગધેડા ઉપર બેસે અને પાછો પોતાની જાતને હોંશિયાર ને બુદ્ધિશાળી સમજે તેવું થયું છે. સર્વોપરી, સર્વકારણના કારણ, અનંતકોટિ બ્રહ્માંડોના અધિપતિ પૂર્ણ પુરુષોત્તમ પરમાત્માની પ્રાપ્તિ આપણને પ્રાપ્તિ થઈ છે, તોપણ તે જ્ઞાન થતું નથી.

➠ જ્યાં સુધી સાધુપુરુષમાં પ્રીતિ ન થાય ત્યાં સુધી એમનું વચન મનાતું નથી. અને વચન ન મનાય ત્યાં સુધી ન તો નિયમની દૃઢતા થાય કે ન તો ઉપાસના-ભક્તિની દૃઢતા થાય. તમામ સાધનોના દૃઢીકરણ માટે સાધુપુરુષોની સાથે પ્રીતિ અને તેમનો સમાગમ અવશ્ય હોવો જોઈએ. સમાગમ હોય તો પ્રીતિ થાય અને પ્રીતિ હોય તેમની હિતકારી વચન (વાત) મનાય છે.

શ્રીજીમહારાજ ગઢડા મધ્ય પ્રકરણના ૩૭મા

**વચનામૃત**માં કહે છે : "...સત્પુરુષ ઉપદેશ કરતા હોય તેના વચનને વિષે અતિશય વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશય પ્રીતિ હોય, અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલા દુઃખવીને કઠણ વચન કહે તો પણ તેને હિતકારી જ માનતો જાય, તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઈ જાય..."

➠ ભગવાન શ્રીહરિના વનવિચરણ દરમ્યાન પરમભક્ત હનુમાનજીને પણ વર્ણીના દર્શન કરવાનો નિત્યનો નિયમ હતો. પરંતુ આપણને જ કોઈ નિયમ નથી. ઠાકોરજીએ સર્જન કરેલા બધાજ પોતપોતાના નિયમમાં વર્તે છે. સિંહ કોઈ દિવસ ઘાસ ન ખાય, પરંતુ મનુષ્યનો કોઈ જાતનો નિયમ જ નથી હોતો. એ ફળ-ફૂલ-અન્ન ખાય અને દારુ-માંસનું પણ સેવન કરે...!! પશુપ્રાણી માત્રને ભગવાને આડા કર્યા તોપણ તે પોતાના ચિલે જ ચાલે, પરંતુ માણસને તો ભગવાને ઊભો કર્યો તોપણ તે આડો જ ચાલતો હોય છે. જો સત્સંગનો સંગ થાય તો માણસ, માણસ બની શકે છે, નહિ તો મનુષ્ય બહુ વિચિત્ર પ્રાણી છે.

➠ સત્સંગ કથાવાર્તા દ્વારા આપણને જીવનમાં કેવો **વિવેક** હોવો જોઈએ ? કેવો વિનય હોવો જોઈએ ? તે શીખવે છે. આપણે જ્યારે દેવમંદિરાદિ સ્થાનોમાં ઈષ્ટદેવના દર્શનાર્થે જઈએ છીએ કે પોતાના ધર્મરક્ષક પ.પૂ. સનાતન ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શન-પૂજન માટે તેઓશ્રીના નિવાસ સ્થાન પ્રત્યે જઈએ છીએ; અથવા તો સ્વયં પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કે પ.પૂ. લાલજી મહારાજશ્રી જ આપણા ગામમાં કે આપણા ઘેર કથા-પારાયણ કે દેવપ્રતિષ્ઠાદિક પ્રસંગે પધારતા હોય છે ત્યારે આપણે ત્યાં તેઓશ્રીના દર્શન-અમૃતવાણીનો લાભ લેવા માટે અચૂક જતાં જ હોઈએ છીએ અથવા તો સંતોના દર્શન તેમજ તેઓની કથાવાર્તા સાંભળવા જતાં હોઈએ છીએ, એ સહજ છે.



ભગવાના શ્રીહરિના વનવિચરણ દરમ્યાન પરમભક્ત હનુમાનજીને પણ વર્ણીના દર્શન કરવાનો નિત્યનો નિયમ હતો. પરંતુ આપણને જ કોઈ નિયમ નથી. ઠાકોરજીએ સર્જન કરેલા બધાજ પોતપોતાના નિયમમાં વર્તે છે. સિંહ કોઈ દિવસ ઘાસ ન ખાય, પરંતુ મનુષ્યનો કોઈ જાતનો નિયમ જ નથી હોતો.

➠ સંતોના દર્શન કરવા જઈએ ત્યારે પણ **વિવેક-વિનય** જરૂરી છે. સંતો પૂજાપાઠ કરતા હોય, માળા કરતા હોય, ધ્યાન કરતા હોય ત્યારે તેઓનો સ્પર્શ કરીને ખોટો અવાજ કરીને વિક્ષેપ થાય તેઓ અવિવેક ન કરવો. આપણી એવી કોઈ ક્રિયા ન હોવી જોઈએ કે તેનાથી તેઓની ભજન-ભક્તિમાં વિક્ષેપ થાય.

➠ ભગવાન ગમે તેવા **માનુષિક ચરિત્ર** કરે તોપણ એમાં કંઈક **દિવ્યભાવ** રહેલો હોય છે. ભગવાન શ્રીહરિના હિમાલય તરફના વનવિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીને સ્વયં હિમાલય રસ્તો દેખાડે ત્યારે રસ્તો મળે, તો બીજી તરફ આંગળી તૂટ પાણીના પ્રવાહમાં પ્રવેશ કરે છે. એ પાણી પણ બરફ પીગળીને થતું હોય અને તે પણ માણસના કંઠ સુધી પહોંચતું હોય એવી ગુફામાં મહાપ્રભુ નીલકંઠ વર્ણી રાત્રિના ત્રણ - ત્રણ કલાકો સુધી અવિરતપણે ચાલે છે.

➠ ભક્તજનો ! જે લોકો આ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની નજીક નથી આવ્યા તે લોકો એમ સમજે છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણ એ માત્ર **મહાપુરુષ** છે. પરંતુ જો "શ્રીજીમહારાજે માત્ર ૧૧ વર્ષની ઉંમરે ખુલ્લા શરીરે, ખુલ્લાપગે, ન કોઈ સાધન, ન કોઈ સહારો, ન કોઈ ઉષ્માનો આંગરો, ન કોઈ વૃક્ષની છાયા, ન કોઈ આસનની માયા, ન કશું અન્ન, ન કોઈ ફળ, માત્ર કૌપીનભર ૨૫૬૧ દિવસ (૭ વર્ષ, ૧ માસ, ૧૧ દિવસ) સુધી કિશોરવયમાં વન-પર્વતો સહિતના પ્રદેશોને આવરી લેતી આશરે ૧૨,૫૦૦ કિ.મી.ની યાત્રા કોઈપણના સાથ-સંગાથ વિના માત્ર વાયુના આહારમાં છ-છ મહિના સુધી માણસનો જ્યાં અવાજ માત્ર ન સંભળાય એવી બર્ફીલી પહાડીઓ પર એકલપંડે માનસરોવરથી લઈને હિન્દુસ્તાનના પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણની સમગ્ર ધરતી પર આ દીર્ઘ પ્રવાસમાં ભારતના ૧૯ રાજ્યોના ૨૫૦ થી વધુ ગામો અને શહેરો સહિત ચીન, નેપાળ, મેઘાલય, બાંગ્લાદેશ, ભૂતાન તથા બર્મા સહિત ૬ દેશોમાં વનવિચરણ કર્યું છે" તેનું જો અધ્યયન કરે તો સમજવું જ પડે કે 'આ **સર્વોપરી ભગવાન** જ હોય.' એ વિના શક્ય જ નથી...!!

➠ મહાપ્રભુ શ્રી નીલકંઠ વર્ણીએ પોતાના વર્તન દ્વારા આપણી જેવા સાધકોને બતાવ્યું છે કે, સાધના કરતા કરતા સાવધાન રહેજો. જરાકેય બેસાવધાની જો મુમુક્ષુ રાખશે તો કોઈને કોઈ સ્થાનમાં કે વસ્તુ-પદાર્થમાં બંધન થતાં વાર નહિ લાગે.

ભગવાન શ્રીહરિ ગઢડા અંત્ય પ્રકરણના ૧૭મા **વચનામૃત**માં કહે છે : "શ્રીમદ્ ભાગવતમાં જેવું ભરતજીનું આખ્યાન ચમત્કારી છે તેવી તો કોઈ કથા ચમત્કારી નથી. કેમ જે, ભરતજી તો ઋષભદેવ ભગવાનના પુત્ર હતા ને ભગવાનને અર્થે સમગ્ર પૃથ્વીનું રાજ્ય ત્યાગ કરીને વનમાં ગયા હતા અને ત્યાં ભગવાનનું ભજન કરતા થકા મૃગલીના બચ્ચાને વિષે

પોતાને હેત થયું ત્યારે તે મૃગને આકારે પોતાના મનની વૃત્તિ થઈ ગઈ. પછી એવા મોટા હતા તો પણ તે પાપે કરીને મૃગનો અવતાર આવ્યો. માટે અનંત પ્રકારના પાપ છે પણ તે સર્વ પાપ થકી ભગવાનના ભક્તને ભગવાન વિના બીજે ઠેકાણે હેત કરવું તે **અતિ મોટું પાપ** છે.''

ભરતજી જેવા મહાપુરુષ બંધનને પામ્યા. અરે ! જેના બાપ ભગવાન, ઋષભદેવ ભગવાન ! જેના નામ ઉપરથી અજનાભ ખંડ દેશનું નામ **'ભારત'** પડ્યું તે ભરત. અનેકાનેક રાણીઓ, અનેક કુંવરોનો અને રાજ્યનો ત્યાગ કરનાર વ્યક્તિ - એક સામાન્ય મૃગલીના બચ્ચામાં બંધનને પામ્યા..!!

આ જીવ ક્યાં બંધાય તેનું કાંઈ નક્કી નહીં. ભરતજી માટે શ્રીમદ્ ભાગવતનો પંચમસ્કંધ એમ લખે છે કે, ભરત એટલે **'જ્યેષ્ઠ શ્રેષ્ઠ ગુણાઃ'** ઋષભદેવ ભગવાનને એક સો પુત્રો હતા. એમાં બધા કરતા મોટા કોઈ હોય તો ભરત હતા. તેમાં પણ નવ યોગેશ્વરોનું નામ મુખ્ય હતું. જે નવ યોગેશ્વરોએ જનક વિદેહીને ઉપદેશ આપ્યો હતો. જનક વિદેહીને શુકદેવજી મહારાજ જેને ગુરુ તરીકે સ્વીકારતા હતા. અને એ જનક વિદેહીએ જેની પાસેથી જ્ઞાન સ્વીકાર્યું એવા નવ યોગેશ્વરો - ભરતજીના સગા ભાઈઓ ! પરંતુ એ નવ યોગેશ્વરો કરતા પણ ભરતજી વધુ ગુણીયલ હતા, વધુ જ્ઞાની હતા. આવા મહાન વિરલ પુરુષ પણ થોડી બેસાવધાની રાખી તો મૃગલીના બચ્ચામાં બંધાઈ ગયા..!!! ભગવાનના પુત્ર મટી મૃગલાના પુત્ર થવું પડ્યું. માટે આપણે પણ સાવધાન બનીને વારંવાર **સદ્‌વિચાર** કરતો રહેવો જોઈએ.

વ્હાલા ભક્તજનો ! ધન-સંપત્તિ વગેરે પદાર્થો ખરાબ નથી, પણ તેમાં રહેલી આસક્તિ **મહા ભયંકર** છે. જો રૂપિયા ખરાબ હોય તો આ મહા મહોત્સવો શેનાથી થાય છે ? આયોજનોમાં તેની જ જરૂર પડે છે ! ધન-સંપત્તિ મોક્ષ નહિ બગાડે પણ એમાં જો **આસક્તિ** રહી જશે તો જરૂર કલ્યાણના માર્ગમાં ફેર પડી જશે.

➠ સજ્જન પુરુષો, માણસ જ્યારે તકલીફમાં હશે ત્યારે તેને **મદદરૂપ** બનશે. અને દુર્જન પુરુષો તો રાહ જોઈને જ બેઠા હોય કે ક્યારે વ્યક્તિ કોઈ મુશ્કેલીમાં આવે. સજ્જન પુરુષ ક્યારેય પણ કોઈની મજબુરીનો લાભ નહિ ઉઠાવે. દુર્જન તો મજબુર વ્યક્તિની છાતી ઉપર બેસી જશે. માટે



જીવનમાં હંમેશા **સજ્જન પુરુષોનો** સંગ રાખવો જોઈએ. અને એ સજ્જનતા જીવનમાં કેવી રીતે આવે તેના પ્રયાસમાં સતત મંડ્યા રહેવું જોઈએ. સજ્જન પુરુષ જિંદગીમાં કદી કોઈની પાસેથી પ્રાપ્ત કરીને પોતાની મહત્ત્વતા વધારવા પ્રયાસ નહિ કરે.

ધર્મગ્રંથો-શાસ્ત્રોનો એ મત રહ્યો છે, સંગ કરો, મૈત્રી કરો કે પ્રીત કરો તો સજ્જન પુરુષોની સાથે કરવી જોઈએ. અને દુશ્મનાવટ કરો તોય સજ્જનની સાથે કરવી. દુર્જનને ક્યારેય દુશ્મન ન બનાવો અને તેને મિત્ર પણ ન બનાવો. એ દુશ્મન થશે ત્યારે તો સારું નહિ કરી શકે, પરંતુ તે મિત્ર થશે ત્યારે પણ સારું નહિ કરી શકે. જ્યારે સજ્જન પુરુષ મિત્ર હશે તો તો સારું કરશે જ, પણ કદાચ તે દુશ્મન થશે તોપણ તે ખરાબ નહિ કરી શકે. માટે સજ્જન અને દુર્જન દેશકાળમાં ઓળખાય છે.

જીવનમાં હંમેશા **સજ્જન પુરુષોનો સંગ** રાખવો જોઈએ. અને એ સજ્જનતા જીવનમાં કેવી રીતે આવે તેના પ્રયાસમાં સતત મંડ્યા રહેવું જોઈએ. સજ્જન પુરુષ જિંદગીમાં કદી કોઈની પાસેથી પ્રાપ્ત કરીને પોતાની મહત્ત્વતા વધારવા પ્રયાસ નહિ કરે. સજ્જન પુરુષ પોતાના કાંડાના બળે, પોતાની મહેનતના બળે, પોતાનો પુરુષાર્થ ખેડીને સર્જન કરવાનો સંકલ્પ કરશે. એ કોઈનું વિસર્જન કરી પોતાની જાતને સર્જન કરવાનો પ્રયાસ નહિ કરી શકે. એ કોઈની લીટીઓને ભૂંસી નાખીને પોતાની લીટી દોરવાનો દાખડો નહિ કરે, પણ એ પોતાના પુરુષાર્થથી પોતાની લીટીને લાંબી કરીને સર્જન કરવાનો દાખડો કરશે. માટે ખાસ ભક્તજનો, જિંદગીમાં સજ્જન અને દુર્જનને ઓળખતા શીખજો.

મનુષ્યને જીવનમાં ક્યારેક ક્યારેક ભગવાન **દેશકાળ** એટલે આપતા હોય છે કે, રખેને તેની આંખ થાપ ન ખાય જાય. આંખને ઓળખતા આવડે, હૃદય પામી શકે કે જેની સાથે હું રહ્યો છું એમાં સજ્જન કોણ છે અને દુર્જન કોણ છે ? રખેને હું દુર્જનને સજ્જન સમજું અને સજ્જનને દુર્જન સમજું. અને એટલા માટે પરમાત્મા ક્યારેક ક્યારેક દેશકાળ આપતા હોય છે. જેને લઈને સજ્જન અને દુર્જન - એ બંનેની **ઓળખાણ** થઈ જાય છે.

દુર્જન પુરુષ એ જ્યારે કોઈ વ્યક્તિને દેશકાળ આવશે ત્યારે એ જ તક શોધશે કે એમને કોની કોની સાથે વૈર છે ? અને દુશ્મનો શોધીને એ તમામની પાસે પહોંચી જશે. તે દુશ્મનો સાથે મૈત્રીસંબંધ બાંધશે. દુર્જન વ્યક્તિ હંમેશા માણસની નબળાઈનો લાભ ઉઠાવશે. એ જ દુર્જનની નિશાની છે. માટે જિંદગીમાં દુર્જનતા ક્યારેય સ્વીકારશો નહિ અને સતત સજ્જનતા મેળવવા **પ્રયાસ** કરતા રહેવો જોઈએ.

સજ્જન પુરુષ વ્યક્તિના આપત્તિના સમયમાં હંમેશા પોતાનો મિત્ર હોય કે દુશ્મન હોય, તોપણ તેને કેમેય કરીને હું સહાયરૂપ થાઉં તેવો જ પ્રયત્ન કરશે. એ સજ્જન પુરુષની નિશાની છે.

સજ્જન પુરુષ જિંદગીમાં કદી કોઈની સાથે વેર વાળવાનો ઠેરાવ નહિ કરે. એમનું ગમે તેટલું ખરાબ કોઈએ કર્યું હશે તોપણ સામેની વ્યક્તિનું ખરાબ થાય એવો સંકલ્પ પણ નહિ કરી શકે. એનાથી સાવધાન બનીને દૂર રહેશે, પણ એનું ખરાબ થાય તેવું તો વિચારશે પણ નહિ.

➠ વ્હાલા ભક્તજનો ! તમે એમ નહિ માનશો કે, આપણને સહજતાથી **સત્સંગમાં જન્મ** પ્રાપ્ત થયો છે. અબજોપતિ મા-બાપના ઘેરે દીકરા તરીકે જન્મવું તો સરળ છે. પરંતુ સત્સંગી મા-બાપની ઘેરે જન્મ મળવો એ તો બહુ **દુર્લભ** છે. બહુ બહુ જન્મના પુણ્ય ઉદય થયા હોય ત્યારે જ ભગવાનના ભક્તના ઘેરે જન્મ મળે છે.



સજ્જન પુરુષ વ્યક્તિના આપત્તિના સમયમાં હંમેશા પોતાનો મિત્ર હોય કે દુશ્મન હોય, તોપણ તેને કેમેય કરીને હું સહાયરૂપ થાઉં તેવો જ પ્રયત્ન કરશે. એ સજ્જન પુરુષની નિશાની છે.

અને તેમાં પણ આપણને એ જ સત્સંગ મળ્યો છે કે, જે સત્સંગ પાંચસો પરમહંસોને મળ્યો હતો. આપણે ભાગ્યવાન છીએ કે આપણને આજે સ્વયં અક્ષરાધિપતિ ભગવાન શ્રી સ્વામિનારાયણે પોતાના ગૌરવ સભર ગુરુસ્થાને સ્થાપેલા આદિ આચાર્ય પ.પૂ. શ્રી રઘુવીરજી મહારાજશ્રી તથા આદિ આચાર્ય પ.પૂ. શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની દિવ્ય પરંપરામાં પ.પૂ. ધ.ધુ. આચાર્યજી મહારાજશ્રીની પ્રાપ્તિ થઈ અને એ જ દ્વારા શ્રીજીમહારાજ મળ્યા છે કે, જે મહારાજ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી અને દાદાખાચર, પર્વતભાઈ જેવા ભક્તોને મળ્યા હતા. નંદસંતો તુલ્ય પંચવર્તમાનયુક્ત સ્ત્રી-ધનના ત્યાગી સાચા સંતો મળ્યા છે. જેથી **સવિશેષ ભાગ્યવાન** છીએ આપણે; કારણ કે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે રચેલા શાસ્ત્રો-મંદિરો અને પધરાવેલા દેવો મળ્યા છે. સાચે જ આપણા આજે ભાગ્ય જાગ્યા છે.

**'ભાગ્ય જાગ્યા રે આજ જાણવા, થયાં કોટિ કલ્યાણ;**
**સુખ તણી સીમા શી કહું, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ.'**

(નિષ્કુળાનંદ કાવ્ય : સારસિદ્ધિ - ક. ૪૮, ૫૬ - ૧૨)

માટે સત્સંગમાં જેને જન્મ મળ્યો છે એના ભાગ્યનો કોઈ પાર નથી. માટે હંમેશા એ વાતનો આનંદ હોવો જોઈએ કે, ભગવાન શ્રીહરિએ મને દયા કરીને સત્સંગમાં જન્મ આપ્યો છે. માટે ભગવાન શ્રી સ્વામિનારાયણને એવા વળગી જજો કે, બીજે ક્યાંય મન રહેવા ન પામે. દિવ્ય દેહની પ્રાપ્તિ થઈ છે, હવે ધ્યાન રાખવું ઘટે કે, શ્રીજીમહારાજ વિના અન્ય કોઈ સ્થાને પ્રીત ન બંધાય જાય...!!!

ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થઈને તેને બીજે પ્રતીતિ આવે તો સમજી રાખવું કે, વ્યભિચારિણીની ભક્તિ છે. ભગવાનના ભક્તોને મહિનામાં બે એકાદશી અને એક હરિજયંતિ વિના કોઈ વાર કે તહેવાર ન હોય. જો એ કોઈ વાર રહે છે તો તેને **પતિવ્રતા ભક્તિમાં ખોટ** છે.

આપણા ધણી-ઈષ્ટદેવ એવા ભગવાન શ્રી સ્વામિનારાયણને જ આશરે દૃઢપણે રહેવાય, તેમને વિશે જ **પતિવ્રતાની દૃઢ ટેક** રહે, મન વ્યભિચારને પામે જ નહિ, તેમના સ્વરૂપમાં જ સ્થિર રહેવાય, એવી સમજણ દૃઢ કરવાની અતિશય **આવશ્યકતા** છે. શ્રીજીમહારાજના જ સ્વરૂપમાં સ્થિર રહેવાય અને મન વ્યભિચારને ન પામે, એવું ક્યારે શક્ય બને ? તો જ્યારે ભગવાન શ્રીહરિને જ સર્વોપરી માનીએ ત્યારે જ એ **શક્ય** બને છે.

ભગવાન શ્રીહરિ સિવાય બીજે ક્યાંય મન ચોંટે નહિ, બીજા કોઈ દેવો-અવતારોમાં પ્રીતિ થાય નહિ, અને મન વ્યભિચારને પામ્યા વગર કેવળ શ્રીજીમહારાજમાં પતિવ્રતાના ભાવે સ્થિરપણે જોડાઈ રહે અને નિશ્ચયમાં ડગમગાટ થાય નહિ, તે માટે તેમને સર્વોપરી સમજવા જરૂરી છે.

આવી રીતે શ્રીજીમહારાજને વિશે જો સર્વોપરીપણાની દૃઢતા થાય, તો એમના સ્વરૂપની અનન્ય નિષ્ઠા દૃઢ થાય, અને એમના સિવાય બીજા કોઈને વિશે મતિ ન ભ્રમે એટલે કે, વ્યભિચારને ન પામે.

કૂવામાં વીસ કોષ ચાલતા હોય અને એ વીસેય કોષનો પ્રવાહ જો અલગ-અલગ જતો રહે તો એ પાણી ધીમે ધીમે જાય અને ક્યારો ભરાતા પણ વાર લાગે છે. પરંતુ એ વીસેય કોષનો પ્રવાહ જો એક કરી દેવામાં આવે તો નાનું બાળક પણ તણાઈ જાય એટલો પ્રવાહ વેગવાન થઈ જાય છે. તેવી જ રીતે તમે ગમે તેટલો દાખડો કરશો, પરંતુ તમારા નિષ્ઠારૂપી પ્રવાહો બધેય જુદા-જુદા વહેતા હશે તો દૃઢ ઉપાસના (અખંડવૃત્તિ) રૂપી ક્યારો ક્યારેય નહિ ભરાય. પણ જો એક નિષ્ઠા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિને વિશે હશે તો તમો છતે દેહે મુક્તસ્થિતિને પામશો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આત્યંતિક મુક્તિની સાધનામાં સૌ આશ્રિતોને પોતાના ઈષ્ટદેવને વિશે સર્વોપરીપણાની **અનન્ય નિષ્ઠા** અને પતિવ્રતાની ટેક રાખવાનો આદેશ આપ્યો છે. અને સર્વોપરી નિષ્ઠાનો આગ્રહ એ જ આત્યંતિક મુક્તિ માટે એકમાત્ર **પરમ ઉપાય** છે.

બીજા બધા દેવોને-અવતારોને માનવા છતાં પોતાના ઈષ્ટદેવને વિશે પતિવ્રતાની ભક્તિ અને ટેક રાખવી, એ આત્યંતિક કલ્યાણની સાધનામાં આવશ્યક જ નહિ, પરંતુ **અનિવાર્ય** છે. પતિવ્રતા સ્ત્રી પોતાના પતિને વિશે પતિવ્રતાની ટેક રાખવાથી કેટલી શક્તિ પ્રાપ્ત કરે છે, તેના પુરાવા રૂપે **અનેક પ્રસંગો** શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે.

આપણે જ્યારે શૂરવીર અને નિષ્ઠાવાન ભક્ત થશું ત્યારે કોની તાકાત છે કે આપણો વાંકો વાળ કરી શકે ? માટે ભગવાનના ભક્તો ભગવાનની દૃઢ નિષ્ઠાથી લડતા શીખજો. ભગવાનની દૃઢ નિષ્ઠા જીવનમાં આવશે તો બધું જ આવી જશે.

➠ આ લોકમાં ત્રણ જ વ્યક્તિના નામ અમર બની જાય છે, ૧. દાતાર. ૨. શૂરવીર અને ૩. ભક્ત. કોઈ કવિએ સરસ કહ્યું છે : **'જનની જણતો જણજે, ભક્ત દાતા કાં શૂર; નહિ તો રહેજે વાંઝણી, તારું મત ગુમાવીશ નૂર.'** કવિરાજ કહે છે કે, આ ત્રણમાંથી જ એકને ધરતી પર જન્મ આપવાનો અધિકાર માતાને આપ્યો છે.

શાસ્ત્રકારો અને મહાપુરુષો એમ કહે છે કે, કાં તો કોઈ દાનવીર, કાં તો કોઈ શૂરવીર અને કાં તો કોઈ મહાન એકાંતિક ભક્તને જન્મ આપજે. એ વિના કોઈ સંતાનને જો તું જન્મ આપીશ તો એ આ ભૂમિને ભારરૂપ બનશે. મોક્ષના માર્ગમાં કાયર વ્યક્તિ કદી પણ ગતિ ન કરી શકે. શૂરવીરપણું જે દિવસે આવે ત્યારે જ મોક્ષના પથે ગતિ થઈ શકે છે. કારણ કે શૂરવીર થયા વિના શાસ્ત્રોની મર્યાદાનું પાલન થઈ શકે નહિ.



આ લોકમાં ત્રણ જ વ્યક્તિના નામ અમર બની જાય છે, ૧. દાતાર. ૨. શૂરવીર અને ૩. ભક્ત. કોઈ કવિએ સરસ કહ્યું છે : 'જનની જણતો જણજે, ભક્ત દાતા કાં શૂર; નહિ તો રહેજે વાંઝણી, તારું મત ગુમાવીશ નૂર.'

➠ જિંદગીમાં કદી દુર્જનને રાજી કરવા માટે પ્રયાસ નહિ કરશો. સદૈવને માટે ભગવાન ને ભગવાનના સંતો-ભક્તો રાજી થાય એવો જ પ્રયાસ કરવો જોઈએ. દુર્જન રાજી કરવાની ક્યારેય પણ ચિંતા કરવી નહિ. તમે ગમે તેટલો પ્રયાસ કરશો તોપણ એ રાજી નહિ થાય.

આ લોકમાં ગમે તેવું સારું કામ કરો પણ બધાને ગમે એવું એક પણ નથી. માટે આ લોક જ દુઃખરૂપ છે. જિંદગીમાં કદી દુર્જન મારું સારું બોલે એવો સંકલ્પ નહિ કરશો. એ સંકલ્પમાં જ જિંદગી આખી પૂરી થઈ જશે પણ દુર્જન કોઈ દિવસ સારું નહિ બોલે. અને દુર્જનને રાજી કરવા જતા ક્યારેક સજ્જન પણ દુભાય જાય છે. માટે દુર્જનની ચિંતા છોડી સજ્જન પુરુષો રાજી થાય એવો હંમેશા **પ્રયાસ** કરવો જોઈએ.

સત્સંગ કથાવાર્તા **દૈવી આત્માઓ** માટે હોય છે. દુર્જનને માટે કથા હોતી જ નથી. કારણ કે દુર્જનને કદી કથા સ્પર્શ કરી શકતી નથી. અરે ! સજ્જન પુરુષ હોય તે ગમે તેવું હલકટ જીવન જીવતો થઈ ગયો, પણ તેના મૂળમાં જો સજ્જનતા હશે તો તેને રૂડો સંગ થશે ત્યારે તે અવશ્યમેવ સજ્જન બની જશે. કુસંગના અવલંબને કરીને જીવન બદલી જાય, પણ એના મૂળમાં **સજ્જનતા** હોવી જોઈએ. અને એના માટે જ કથાવાર્તા છે.

આપણે તપાસ કેમ કરવી કે, આપણા જીવનના મૂળમાં સજ્જનતા હશે કે દુર્જનતા ? તો સત્સંગ કથાવાર્તા સાંભળ્યા પછી પણ જેના જીવનમાં કોઈ ફેરફાર ન થાય તો સમજી રાખવું કે, મારું જીવન મૂળમાં દુર્જનતાથી સભર છે. વ્યસન-કુટેવો-સ્વભાવોને છોડવાનો સંકલ્પ ન થાય તો સમજી રાખવું કે મારું જીવન દુર્જનતાથી સભર છે. અને સત્સંગ કથાવાર્તા સાંભળ્યા પછી જીવન બદલી જવું જોઈએ. શરીર તો એનું એ જ રહે, પણ માંહીથી આત્મા બદલી જવો જોઈએ, વિચારધારા બદલવી જોઈએ. અને વિચારધારા બદલ્યા પછી જીવનને બદલતા વાર નહિ લાગે. માટે ભગવાનના ભક્તોએ સજ્જનતા ભર્યું જીવન જીવાય એવો **સતત પ્રયાસ** કરતો રહેવો જોઈએ.

➠ જીવનમાં ક્યારેય પણ ધર્માદાનું ધન ઉપયોગમાં ન આવી જાય તેનું ખાસ ધ્યાન રાખજો. ભૂલમાંય પણ જો એનો ઉપયોગ થઈ જશે તો કઠણ દિવસો ભોગવવા પડશે.

➠ ભગવાનનું મિલન ત્યાં સુધી જ ભક્તને **દુર્લભ** હોય છે કે, જ્યાં સુધી સાચા અર્થમાં ભક્ત નથી બન્યો. મુમુક્ષુને **ભગવાનનું મિલન** નથી થતું, એમાં ભગવાનનો કોઈ દોષ નથી. ખામી માત્ર સાધકની છે. ભક્ત જ્યારે સાચા અર્થમાં ભક્ત બને છે ત્યારે એમણે પછી ભગવાનને શોધવા નથી જવું પડતું. સ્વયં ભગવાન એ ભક્તને શોધતા શોધતા આવે છે.

➠ જીવનમાં વિનય, વિવેક, સરળતા, કોમળતા,

મધુરતા વગેરે સદ્‌ગુણોથી ભલભલાને વશ કરી શકાય છે. જ્યાં સુધી નથી બોલાણું ત્યાં સુધી એ શબ્દના માલિક આપણે છીએ. એકવાર આ જુબાનમાંથી શબ્દ નીકળી જશે પછી માલિક શબ્દ થઈ જશે. આપણે એના ગુલામ બની જવું પડશે. માટે ભગવાને અદ્‌ભુત માણસનો દેહ આપ્યો છે તો તેના વડે મીઠું મધુરું બોલાય તેવો જ **પ્રયાસ** કરવો.

પરમાત્મા ગમે તે સ્થિતિમાં લઈ જાય, ગમે તેટલી મોટી હસ્તી બનાવે, તોપણ જીવનમાંથી ક્યારેય સરળતાનો ત્યાગ ન થવો જોઈએ. જેમ જેમ મોટપ પ્રાપ્ત થતી જાય તેમ તેમ વધુ ને વધુ સરળ બનતા જવું. જીવનમાં જે સરળતા સ્વીકારી શકશે એ જ મહાનતા પચાવી શકશે. જેના જીવનમાંથી સરળતા જતી રહેશે એની મોટપ હાથ તાળી દઈને જતી રહેશે.

➠ અબજો જન્મો સુધી જીવાત્મા ઊંધે માથે લટકીને સાધનાઓ કરે તોપણ કોઈ દિવસ જીવાત્મા ભગવાન ન થઈ શકે. જીવ એ જીવ છે. અને ભગવાન એ ભગવાન છે. સાધના કરતા કરતા બ્રહ્મસ્થિતિને પામી શકાશે, પણ પરબ્રહ્મ બનવા કોઈ સમર્થ નથી.

➠ જેને જીવનમાં સફળતા પ્રાપ્ત કરવી હોય, એમણે પરમમિત્ર અને પરમ દુશ્મન આ બંનેને ઓળખી રાખવા જોઈએ. જે દુશ્મનને ઓળખવામાં થાપ ખાઈ જાય એ જિંદગીમાં નિષ્ફળ બને છે. પરમમિત્રને ઓળખવામાં થાપ ખાઈ જાય એ પણ જિંદગીમાં નિષ્ફળ બને છે. જે મિત્રને દુશ્મન સમજી બેસે એ જીવનમાં ફેલ થાય છે અને દુશ્મનને પરમમિત્ર સમજી બેસે એ પણ જીવનમાં ફેલ થાય છે.

➠ આપણો જે આનંદ છે એ સાધનજન્ય આનંદ છે, સ્વસ્વરૂપનો આનંદ નથી. સાધનજન્ય જે આનંદ છે એ નાશવંત હોય છે. પરમાત્મા તત્ત્વ એવું છે, જેને સ્વસ્વરૂપનો આનંદ છે. ભગવાનને તો સ્વસ્વરૂપનો આનંદ છે, પણ એની સાથે જે સંબંધ બાંધે એ પણ પરમાત્માના આનંદમાં લીન થઈ જાય છે. એને પછી જગતના પદાર્થ શોક ન ઉપજાવી શકે. એ સ્થિતિને પામી શકે છે. માટે જગતના વ્યવહાર કરતા કરતા આનંદ તો એક ભગવાનનો જ રાખવો. મોટા ભાગે લોકો આ જગતના આનંદમાં જ જીવન જીવતા હોય છે. અને પછી તેના દુઃખમાં જ રડતા હોય છે. જગતના જીવાત્માઓ આનંદ પણ પામે છે અને રડે છે પણ દુન્યવી પદાર્થના અભાવે.



જીવનમાં ક્યારેય પણ ધર્માદાનું ધન ઉપયોગમાં ન આવી જાય તેનું ખાસ ધ્યાન રાખજો. ભૂલમાંય પણ જો એનો ઉપયોગ થઈ જશે તો કઠણ દિવસો ભોગવવા પડશે.

➠ ગૃહસ્થ હોવા છતાંય એક પોતાની પરણિત નારી સિવાય જગતની તમામ નારી પોતાને માટે મા-બહેન અને દીકરી સમાન હોવી જોઈએ. અને સ્ત્રીભક્ત માત્રને એક પરણિત પતિ સિવાય તમામ પિતા-ભાઈ અને પુત્ર સમાન હોવા જોઈએ.

આપણે કોના વારસદાર છીએ ? એનો વિચાર કરવો. દેશ-વિદેશમાં ગમે ત્યાં વિચરણ કરતા હોય તોપણ દૃષ્ટિ ઉપર ખૂબ કાબુ રાખવી. ક્યારેય પણ અજાણતા પરસ્ત્રીની સામે દૃષ્ટિ પડી જાય તો તરત ‘આ મારી બહેન છે, આ મારી દીકરી છે, આ મારી મા છે’ એવો સંકલ્પ નિશ્ચિત કરવો.

હવે ધીમે ધીમે દુષિત, કલુષિત અને કલિયુગીય વાતાવરણમાં માનવ સમાજ પોતાની ભારતીય વૈદિક સંસ્કૃતિ અને પરંપરાઓને ભૂલીને પાશ્ચાત્ય સંસ્કૃતિના પ્રભાવમાં આવી રહ્યો છે.

વડીલજનોની એક **ફરીયાદ** રહે છે કે, આજે લગ્નપ્રસંગ કે અન્ય સામાજિક પ્રસંગોમાં યુવક-યુવતીઓ સાથે નાચગાન કરતા થયા છે. અમારાથી તે જોવાતું નથી, પરંતુ હવે અમારું મનાતું નથી. શહેરોમાં જે આગ સળગતી હતી, એ આગ સળગતી સળગતી છેક ગામડાના છેવાડાના ઘર સુધી પહોંચી ગઈ છે. ભારત દેશની આર્યનારી પરપુરુષ સાથે નાચે ? નાચવાનું કામ કોણ કરે ? નર્તકી હોય એ પરપુરુષની સાથે નાચે. જાતની વૈશ્યા હોય એ પરપુરુષની સાથે નાચે...!!! ભારત દેશની આર્યનારી કદી પણ પરપુરુષ સાથે નાચે નહિ. માટે જીવનમાં આવી ભૂલો થતી હોય તો તેને સુધારી લેજો. અને ભારત દેશનો આર્યપુરુષ કદી પણ પરનારી સાથે નાચે નહિ. એ તો જાતનો ભડવો પુરુષ હોય તેનાથી જ એ કામ થઈ શકે, આર્યપુરુષથી નહિ.

હા, સમૈયા-ઉત્સવ પ્રસંગે પુરુષભક્તો - પુરુષભક્તોની સાથે સ્ત્રીભક્તો - સ્ત્રીભક્તો સાથે સાત્ત્વિક આનંદ-કિલ્લોલ કરે, પરંતુ સ્ત્રીઓ અને પુરુષો કદી સાથે નાચગાન કરે નહિ. કરે તો, એ **મહાન પાપ** છે.

પ્રત્યેક મા-બાપ વડીલોની ફરજ છે કે, પોતાના સંતાન ઉપર **અનુસંધાન** રાખે. એમાંય દીકરી ઉપર તો ખૂબજ અનુસંધાન રાખવું. પોતાની દીકરી ક્યાં જાય છે, ક્યાં ફરે છે, ક્યાં બેસે છે, કોની સાથે બેસે છે પદાર્થથી વગેરે એક-એક વાતનો ખ્યાલ રાખવો. શ્રી

સત્સંગિજીવન ગ્રંથમાં **'નારાયણગીતા'**માં કહ્યું છે કે, 'કુંવારી કન્યા જો વ્યભિચારને માર્ગે જાય છે તો તેનું પાપ તેના મા-બાપને લાગે છે. અને પરણિત નારી જો વ્યભિચારને માર્ગે જાય છે તો તેનું પાપ તેના પતિને લાગે છે.' નારી કાં તો પિતાને, કાં તો ભાઈને અને કાં તો પતિને આધીન બનીને વર્તે, પણ સંપૂર્ણ સ્વતંત્ર ન રહે.

આપણને એમ થશે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્ત્રીઓ સાથે અન્યાય કર્યો છે. પણ અન્યાય નહિ, સંપૂર્ણ ન્યાય કર્યો છે. ભગવાન શ્રીહરિએ સતત ૭ વર્ષ સુધી વનવિચરણ કરીને જગતનું સંપૂર્ણ નગ્ન ચિત્ર જોયું હતું. આ જગતમાં ભૂખ્યા વરુ જેવા કેટલાય પુરુષો ભમે છે અને સ્વતંત્ર નારીનો એ ભોગ લેશે. એનું જીવન બદબુભર્યું કરી દેશે. પછી જગતમાં એને કોઈ સ્વીકારવા તૈયાર નહિ થાય. પછી નારી પાસે મરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નહિ હોય. કાં તો કૂવે પડશે, કાં તો અગ્નિસ્નાન કરશે. તેથી શ્રીજીમહારાજે સમાજમાં સ્ત્રીઓની આવી સ્થિતિ ન સર્જાય તે માટે સંપૂર્ણ સ્વતંત્રપણે ન રહેવાની આજ્ઞા કરી છે.

સ્ત્રીઓના ભોળપણનો લાભ કોઈ લેભાગુઓ ઉઠાવી ન જાય તે માટે જ ભગવાન શ્રીહરિએ સ્ત્રીઓના અને પુરુષોના મંદિરો અલગ બંધાવ્યા છે. કારણ કે મંદિરમાં જઈને સ્ત્રીઓ પુરુષોને જુએ અને પુરુષો સ્ત્રીઓને જુએ તેમાંથી માનસિક વ્યભિચાર થાય અને તેનું પાપ વજલેપ થાય. માટે સર્વે મુમુક્ષુઓએ પોતાની દૃષ્ટિ કાબુમાં રાખવી જોઈએ. દૃષ્ટિ દ્વારા જ પાપ અંદર પ્રવેશ કરે છે.

સત્યુગ, ત્રેતાયુગ અને દ્વાપરમાં સૌભરી, પરાશર, એકલશૃંગી, બ્રહ્મા અને શંકર જેવા મહારથીઓ પણ પોતાની સ્થિતિમાંથી ડગ્યા છે. તો આ તો ઘોર **કળિયુગ** છે. અહીં જરાકેય ગાફલાઈ રાખવા જઈએ તો જીવન **બરબાદ** થયા વિના રહે નહિ.

➠ આ જગતમાં પરમેશ્વર, મહાપુરુષો અને સામાન્ય જીવાત્માઓ - આ બધાજ આવતા હોય છે. પરંતુ તમામનું આવવું ને જવું એ ક્રમ બદ્ધ હોય છે. તેમ છતાંય પરમાત્મા અને મહાપુરુષો સ્વતંત્ર થકા આવતા હોય છે. અને સ્વતંત્ર થકા આ લોકમાંથી વિદાય લેતા હોય છે. સામાન્ય જીવાત્મા કર્મને આધીન બનીને આ લોકમાં આવે છે અને કર્મને આધીન બનીને મૃત્યુને પામે છે.



મૃત્યુ તો એને જ દુઃખ ઉપજાવી શકે કે, જેણે આખી જિંદગીમાં પરમાત્માનું ભજન ન કર્યું હોય, જેનું જીવન પ્રભુપરાયણ નથી બન્યું, એના માટે મૃત્યુ અમંગળ હોય છે. ભગવાનના ભક્તને માટે તો મૃત્યુ મંગળમય હોય છે, એનો એને **આનંદ** હોય છે.

પરમાત્મા અને મહાપુરુષો અનંત આત્માઓનું કલ્યાણ કરવા માટે આ બ્રહ્માંડમાં આવતા હોય છે. જ્યારે સામાન્ય જીવાત્મા વાસનાને આધીન થઈને મૃત્યુલોકમાં જન્મ ધારણ કરવો પડતો હોય છે. પરમાત્મા અને મહાપુરુષો આ લોકમાં સદૈવને માટે પરહિતને કાજે જીવન જીવતા હોય છે. જ્યારે સામાન્ય જીવાત્મા પોતાના સ્વાર્થને માટે જીવન જીવતા હોય છે.

સામાન્ય જીવાત્મા મોતથી ડરતો હોય છે. મૃત્યની તો કલ્પના તેને હંફાવે છે, કંપાવે છે, ધ્રુજાવે છે. જ્યારે મહાપુરુષો મૃત્યુને **મંગળમય** માનતા હોય છે. એને મૃત્યુનો આનંદ હોય છે.

મૃત્યુ તો એને જ દુઃખ ઉપજાવી શકે કે, જેણે આખી જિંદગીમાં પરમાત્માનું ભજન ન કર્યું હોય, જેનું જીવન પ્રભુપરાયણ નથી બન્યું, એના માટે મૃત્યુ અમંગળ હોય છે. ભગવાનના ભક્તને માટે તો મૃત્યુ મંગળમય હોય છે, એનો એને **આનંદ** હોય છે.

મૃત્યુ એ જગતના જીવને દુઃખનો દિવસ અને ભગવાનના ભક્તને આનંદનો દિવસ હોય છે.

➠ મૃત્યુ પામેલ આત્માની પાછળ બની શકે એટલું **ભજન** કરો, પણ રડો નહિ. કોઈનો અંતસમો જ્યારે નિકટમાં દેખાવા લાગે ત્યારે એમની આજુબાજુ ભજનનું **વાતાવરણ** ઊભું કરો. એમને જે ઓરડામાં રાખવામાં આવ્યો હોય, ત્યાં ચારેય બાજુ પરમાત્માના સ્વરૂપો રાખો. ભગવાનના લીલાચરિત્રોનું ગાન કરો, કીર્તનોનું ગાન કરો, ધૂન કરો. જેથી મરણ પથારીએ રહેલા જીવાત્માનું જીવન ભગવાનમય થશે. અંતિમ જે ઘડી છે એ જ જીવનની સાચી કસોટી છે. અંતસમો જેનો પરમાત્મામય બની જાય, એનો જન્મારો સફળ થઈ જાય છે.

આખી જિંદગીનું **સરવૈયું** જો હોય તો એ અંતસમો છે. આખી જિંદગીની કમાણીનું ફળ **અંતસમો** છે. અંતસમાની ઘડી જેને સુધારતા આવડી ગઈ, એનો જન્મારો સફળ થઈ ગયો. અને જે અંતસમાની ઘડીને સુધારી ન શકે તેનો જન્મારો નિષ્ફળ થઈ ગયો છે. આખી જિંદગી કદાચ ભજન કર્યું હોય, પણ અંતસમે એને સગાસંબંધીઓમાં જો ક્યાંય પ્રીતિ રહી ગઈ તો દેહ છોડવાના સમયે આખી જિંદગી કરેલો દાખડો નિષ્ફળ જશે. માટે ડાહ્યાપુરુષો અંતસમાની ઘડીને **સાર્થક** કરી લેતા શીખે. જે

અંતસમાની ઘડીને સુધારી શક્યો એ જિંદગીની બાજી જીતી ગયો છે. અને ડાહ્યો પુરુષ તેને જ કહેવાય કે, જે પોતાના મોક્ષને સુધારી શકે.

➠ ભગવાનનો ભજવાનો **અધિકાર** બધાને છે. એવું નહિ માનતા કે ભગવાન ભજવાનો અધિકાર હિન્દુઓને છે અને મુસ્લિમોને નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યોને છે અને ક્ષુદ્રને નથી. બધાને સરખો જ અધિકાર છે. ભગવાન કોઈ એકના નથી **'ભજે એના ભગવાન.'** કોઈ એવો દાવો ન કરી શકે કે, 'ભગવાન મારા છે, અને હું જ રાખી શકું ને હું જ ભજી શકું.' બધાને સરખો અધિકાર છે.



આખી જિંદગીનું સરવૈયું જો હોય તો એ અંતસમો છે. આખી જિંદગીની કમાણીનું ફળ અંતસમો છે. અંતસમાની ઘડી જેને સુધારતા આવડી ગઈ, એનો જન્મારો સફળ થઈ ગયો.

ગોંડલમાં **રવજી** નામે એક મુસ્લિમ ભક્ત રહેતા હતા. તેઓ ભગવાન શ્રી સ્વામિનારાયણ આશ્રિત થયા એટલે મુસ્લિમ જ્ઞાતિના લોકોએ તેને તેના નાત-ધર્મમાં બહાર કર્યા. પછી રવજી ભક્ત હિન્દુઓ સાથે રહીને ભગવાન શ્રીહરિનું અનન્યભાવથી ભજન કરવા લાગ્યા. જ્યારે એમનો અંતસમો આવ્યો ત્યારે શ્રીજીમહારાજ તેડવા પધાર્યા.

રવજી ભક્ત ધામમાં ગયા પછી હરિભક્તોએ તેમના સંબંધીજનોને સમાચાર આપ્યા : ''રવજીએ દેહ છોડી દીધો છે, માટે એના પંચભૌતિક દેહની તમામ ક્રિયા થતી હોય તે તમે કરી નાખો.'' ત્યારે તેના સગાસંબંધીઓએ કહ્યું : ''એણે તો હિન્દુ ધર્મ સ્વીકારીને મુસ્લિમ મટી ગયો હતો. માટે એની સાથે અમારે કોઈ સંબંધ નથી. તમારે જે કરવું હોય તે કરો.'' પછી તમામ હરિભક્તોએ ભેગા મળીને રવજી ભક્તનો અગ્નિ સંસ્કાર કર્યો.

સંપ્રદાયનો **ઈતિહાસ** કહે છે કે, રવજી ભક્તનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો ત્યારે ત્યાં બાજુમાં એક મોટું વડલાનું વૃક્ષ હતું. તેમાં હજારો ભૂતાવળો રહેતી હતી. અગ્નિ સંસ્કાર વખતે તેમાંથી કેટલીય ભૂતાવળો ત્યાં હાજર હતી અને કેટલીક ભૂતાવળો બહાર ગઈ હતી. રવજી ભક્તનો અગ્નિ સંસ્કાર જે કરવામાં આવ્યો હતો એમાંથી જે તાપ અને ધૂમાડો નીકળ્યો હતો એ વડલા ઉપરથી પસાર થયો. એ વડલામાં રહેનારી તમામ ભૂતાવળોએ ભૂત યોનિને છોડી ચતુર્ભુજ સ્વરૂપ ધારણ કરી બધી બદ્રિકાશ્રમ ગઈ.

જ્યારે બહાર ગયેલી ભૂતાવળો પાછી આવી ત્યારે પોતાની એકેય ભૂતાવળો જોઈ નહિ. તેથી વિચાર કરવા લાગી : ''આ બધી ભૂતાવળો ક્યાં ગઈ હશે ?'' ત્યાં એક દૂર બેઠો બેઠો એક ભૂત જેવો દેખાતો હતો તેમણે કહ્યું : ''સાંભળો ! પેલી જે રખ્યા પડી છે તે એક વ્યક્તિના મૃત શરીરને સળગાવમાં આવ્યું હતું. અને અત્યારે તેમાંથી ધૂમાડો નીકળ્યો છે. એ ધુમાડો આ વડલાના વૃક્ષ ઉપરથી પસાર થતો હતો ત્યારે, બધા દિવ્ય સ્વરૂપ ધારણ કરી ક્યાંક જતા રહ્યા હતા. તે મેં નજરે જોયું.''

ત્યારે ભૂતાવળોએ વિચાર કર્યો કે, ''આ અગ્નિ સંસ્કાર થયો એ આત્મા કોઈ સામાન્ય નહિ હોય. જેનાથી આ બધાયની મુક્તિ થઈ છે. જેના ધુમાડામાં પાપી આત્માની મુક્તિ કરવાની તાકાત હોય તો, એમના દેહની રાખમાં પણ તાકાત હોય જ ! માટે આપણે પણ એ રાખમાં આળોટી લઈએ..!!''

પછી રહી ગયેલી તમામ ભૂતાવળો રવજી ભક્તના પંચભૌતિક દેહની રાખમાં આળોટ્યા છે. તમામ ભૂતયોનિનો ત્યાગ કરીને દિવ્ય દેહ ધારણ કરી બદ્રિકાશ્રમમાં સિધાવ્યા.

➠ બાળકને સંસ્કાર જન્મ દેનારી **માતા** દ્વારા જ પ્રાપ્ત થાય છે. જન્મદાત્રી જ્યારે **સંસ્કાર** આપે છે ત્યારે જ બાળક મહાન બનતો હોય છે. એ જ બાળક મહાન બનશે, જેની મા મહાન હશે. જેની મા મહાન ન હોય એ બાળક કદી મહાન ન થઈ શકે. ઈતિહાસમાં દૃષ્ટિ કરશો તો જણાશે કે, જેની મા મહાન હતી, તેનું સંતાન જ **મહાન** બન્યું છે.

શાસ્ત્રો અને પુરાણોમાં તેમજ ઈતિહાસોમાં એવું મહાપુરુષો લખે છે કે, ગર્ભમાં બાળક હોય ત્યારે જેવા સંસ્કારો પડે છે તેવા સંસ્કારો જન્મ થયા પછી પડવા મુશ્કેલ છે. ગર્ભમાં બાળક હોય ત્યારે માતાએ બહુ સાવધાની રાખવી પડે છે. માતાના વિચારો અને માતાની દરેક ક્રિયાઓના સંસ્કારો ગર્ભના બાળકમાં આવે છે. માતા બનનાર સ્ત્રી ભગવાનની ભક્ત હોય તો બાળક સારા સ્વભાવનો થાય છે. સ્ત્રીનું આચરણ સારું ન હોય તો બાળક સારો થતો નથી. આ બન્ને પ્રસંગોને એટલે કે બન્ને પ્રકારના બાળકોને મોટા થયા પછી કુસંગનો યોગ થાય તો બગડી જાય તે અપવાદરૂપ છે, બાકી માતા જો સારા સ્વભાવની હોય તો બાળકમાં સારા સંસ્કારો આવે છે. હવે કોઈને **આશંકા** થાય કે ઘણીવાર એવું જોવા મળે છે કે માતા-પિતા સારા ભક્ત હોય છતાં બાળક સારા હોતા નથી તેનું કેમ સમજવું ? તો તેના **જવાબ**માં એજ કહેવાનું કે, જ્યારે બાળક ગર્ભમાં હોય



શાસ્ત્રો અને પુરાણોમાં તેમજ ઈતિહાસોમાં એવું મહાપુરુષો લખે છે કે, ગર્ભમાં બાળક હોય ત્યારે જેવા સંસ્કારો પડે છે તેવા સંસ્કારો જન્મ થયા પછી પડવા મુશ્કેલ છે. ગર્ભમાં બાળક હોય ત્યારે માતાએ બહુ સાવધાની રાખવી પડે છે.

ત્યારે તેઓના જીવનમાં ભૂલ થઈ હોય અથવા મોટા થયા પછી કુસંગ લાગ્યો હોય. કારણકે આપણા પૂર્વજોના જીવનોમાં એવું જાણવા મળે છે કે, જ્યારે તેઓના ઉદરમાં બાળકનો પ્રવેશ થાય ત્યાર પછી માતાઓ અખંડ ભગવદ્ ભક્તિમય જીવન ગાળતી, ખરાબ દશ્યો જોતી ન હતી અને ગ્રામ્યવાર્તા કરતી ન હતી.

પુરાણોમાં અનેક **સન્નારીઓની કથાઓ** આવે છે. સતી મદાલસા, સતી સુભદ્રા, સતી ક્યાધુ અને સતી સુનીતિ વગેરે. તથા ઈતિહાસોમાં પણ જીજીબાઈ અને લક્ષ્મીબાઈ ઈત્યાદિક શૂરવીર માતાઓના જીવન-કવનમાં જોવા મળે છે કે, તેઓએ ગર્ભમાં બાળકને સંસ્કાર આપ્યા તો બાળક કેવા થયા!

હિરણ્યકશિપુને ઘેરે પ્રહ્‌લાદ જેવા ભક્ત ક્યારે બની શક્યા ? કારણ કે પ્રહ્‌લાદની મા **ક્યાધુ** મહાન હતી. ઉતાનપાદની ઘેરે ધ્રુવ જેવા ભક્ત બન્યા, એનું કારણ - મા **સુનીતિ** મહાન હતી.

ગાંધીજીને પૂછવામાં આવ્યું કે, બાપુ ! તમને મહાત્મા કોણે બનાવ્યા ? ત્યારે **ગાંધીજી** કહે : ''મને મહાત્મા મારી **મા**એ બનાવ્યો..!! હું જ્યારે વિલાયતમાં વિદ્યાભ્યાસ કરવા જતો હતો, ત્યારે મારી માએ મને પાસે બેસાડીને કહ્યું હતું કે, બેટા ! તું વિદ્યાભ્યાસ કરવા વિલાયત જાય છે, પણ જિંદગીમાં કદી દારુનું પાન કરીશ નહિ, માંસાહાર કરીશ નહિ, વ્યભિચારના માર્ગે જઈશ નહિ - એવી પ્રતિજ્ઞા લે.''

ગાંધીજી સત્યના પ્રયોગોમાં કહે છે : ''ઘણીવખત એવા પ્રસંગો બન્યા કે, એ ત્રણેય વસ્તુમાં ફેર પડી જાય એમ હતો. પરંતુ તે સમયે મને મારી માના શબ્દો યાદ આવતા હતા. જેને લઈને આ ત્રણ વસ્તુમાં હું ન ફસાયો. માટે હું 'મહાત્મા' બન્યો છું. માટે જ કહું છું કે, મને મારી માએ મહાન બનાવ્યો.''

➠ શિવાજી મહારાજ માતાના ગર્ભમાં હતા ત્યારે તેમની માતા **જીજીબાઈ** અખંડ મહાભારત અને રામાયણની કથા સાંભળતાં હતાં. તથા જન્મ થયા પછી પણ હાલરડા તેવાજ ગાઈને નાના બાળક શિવાજીને સંસ્કાર આપતાં હતાં.

મહાભારતમાં આવતી પાંડવોની કથાઓ અને સુધન્વા આદિક ભક્તોની **કથાઓ** સાંભળીને તેઓના જીવનમાં તેમણે **ફલિતાર્થ** કરી બતાવી. તેમના જીવનમાં હિંદુધર્મ પ્રત્યેની નિષ્ઠા, વિધર્મીઓ પ્રત્યેનો કુભાવ, આ સમગ્ર વિચારોનું પોષણ તેઓને ગર્ભમાંથી અને પારણીયામાંથી જ મળ્યું હતું. તો હે ભક્તો ! શિવાજીને જીજીબાઈ કેવા સંસ્કારો આપતા તે **પારણીયાના શબ્દોમાંથી** જાણીએ.

**'આભમાં ઉગેલ ચાંદલોને**
**જીજીબાઈને આવ્યા બાળ રે,**
**જીજીબાઈને આવ્યા બાળ;**
**બાલુડાને માત હીંચોળે,**
**ઘણણણ ડુંગરા બોલે ! શિવાજીને**
**નીંદરુ નાવે, માતા જીજીબાઈ ઝુલાવે.**
**પેટમાં પોઢીને સાંભળેલી**
**બાળે રામ-લક્ષ્મણની વાત રે,**
**શિવે રામ-લક્ષ્મણની વાત;**
**માતાજીને મુખ જે દી થી,**
**ઉડી એની ઊંઘ તે દી થી..શિવાજીને૦**
**પોઢજોરે મારા બાળ પોઢી લેજો**
**પેટ ભરીને આજ રે,**
**શિવા પેટ ભરીને આજ;**
**કાલે કાળા જુદ્ધ ખેલાશે,**
**સૂવાટાણું ક્યાંય ન રહેશે...શિવાજીને૦**
**ધાવજોરે મારા પેટ ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ રે,**
**શિવા ખૂબ ધ્રપીને આજ; રેશે નહિ રણ ઘેલુડા,**
**ખાવા મૂઠી ધાનની વેળા...શિવાજીને૦**
**પેરી-ઓઢી લેજો પાતળારે પીળા-લાલ પીરોજી ચીર રે,**
**શિવા લાલ પીરોજી ચીર; કાયા તારી લોહીમાં નાશે,**
**ઢાંકણ તેદી ઢાલનું થાશે...શિવાજીને૦**
**ઘુઘરા ધાવણી પોપટ લાકડી ફેરવી લેજો આજ રે,**
**શિવા ફેરવી લેજો આજ; તેદી તારે હાથ રેવાની,**
**રાતી તંબોળ ભવાની...શિવાજીને૦**
**લાલ કંકુ કેરા ચાંદલાને ભાલે તાણજો કેસર આડ્ય રે,**
**શિવા તાણજો કેસર આડ્ય; તેદી સિંદોરીયા થાપા,**
**છાતી માથે ઝીલવા બાપા...શિવાજીને૦**
**આજ માતા ચોડે ચૂમિયું રે બાળા ઝીલજો બેવડ ગાલ રે,**
**શિવા ઝીલજો બેવડગાલ; તેદી તારા મોઢડા માથે,**
**ધૂંવાધાર તોપ મંડાશે...શિવાજીને૦**
**આજ માતાજીની ગોદમાંરે તુંને હૂંફ આવે આઠ પોર રે,**
**શિવા હુંફ આવે આઠ પોર; તેદી કાળી મેઘલી રાતે,**
**વાયુ ટાઢા મોતના વાશે...શિવાજીને૦**
**આજ માતા દેતી પાથરી રે, ફૂણાં ફૂલડા કેરી સેજ રે,**
**શિવા ફૂલડા કેરી સેજ; તે દી તારી વીર પથારી,**
**પાથરશે વીશ ભુજાળી...શિવાજીને૦**
**આજ માતાજીને ખોળલે રે તારાં માથડાં જોલે જાય રે,**
**શિવા માથડા જોલે જાય; તેદી તારે શિર ઓશીકા,**
**મેલશે તીર-બંદૂકા...શિવાજીને૦**

**સૂઈ લેજે મારા કેસરી રે તારો હિંદવાણ્યું જોવે વાટ રે,**
**શિવા હિંદવાણ્યું જોવે વાટ; જાગી વેલો આવ બાલુડા,**
**માને હાથ ભેટ બંધાવા, જાગી વેલો આવજે વીરા,**
**ટીલું માના લોહીનું લેવા...શિવાજીને૦'**

આવા સંસ્કારો જીજીબાઈએ આપ્યા તેના કારણે શિવાજીમાં શુરવીરપણું આવ્યું, તેથીજ વિધર્મીઓને હાંકતા કરી દીધા હતા. હાલમાં બહુધા એવું જોવા મળે છે કે, બાળક ગર્ભમાં હોય ત્યારે તેની માતા અશ્લીલ ફિલ્મો જોતી હોય છે. સાંજના સમયે મંદિર જવાને બદલે બગીચામાં ફરવા જતી હોય છે. ભગવાનના કીર્તન ગાવાને બદલે ફિલ્મગીતો ગાતી જોવા મળે છે. રામાયણ, શ્રીમદ્ ભાગવત કે શ્રીમદ્ સત્સંગિજીવન વાંચવાને બદલે આધુનિક નોવેલો વાંચતી હોય છે અને કથા સાંભળવાને બદલે પિકચરની સ્ટોરી સાંભળતી હોય છે.

➠ બાળકને સંસ્કાર આપવાની વધારે જવાબદારી સ્ત્રીની હોય છે, માતા ધારે તો બાળકમાં સારા સંસ્કાર લાવી શકે છે. માર્કણ્ડેય પુરાણમાં એક વાત આવે છે કે, વિશ્વાવસુ ગંધર્વને એક કુંવરી હતી, તેનું નામ **મદાલસા** હતું. તેમના લગ્ન ઋતુધ્વજ રાજા સાથે થયાં હતાં. સાસરે આવીને આ સન્નારી જનક રાજાની જેમ વર્તવા લાગી. રાજ્યમાં રહેવા છતા મીરાબાઈની જેમ કોઈ વિષયમાં બંધાણા નથી અને ભક્તિમય જીવન ગાળે છે. સમય જતાં એક પુત્રને જન્મ આપ્યો છે અને તેનું નામ **વિક્રાન્ત** રાખવામાં આવ્યું છે.

બાળકને પારણિયામાં સુવડાવીને હાલરડામાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપે છે. 'શુદ્ધોઽસિ બુદ્ધોઽસિ નિરંજનોઽસિ' - ઈત્યાદિ આત્મા પરમાત્માનું જ્ઞાન આપતા મદાલસા કહે છે :"હે વિક્રાન્ત ! તું મારો દીકરો નથી. તું તો શુદ્ધ આત્મા છો, તું માયાથી રહીત છો. સાંભળ હે આત્મા! તું એવું સમજ કે આ દેહ તે હું નથી, દેહના સંબંધી મારા સગાઓ નથી, હું તો ચૈતન્ય બ્રહ્મનું સ્વરૂપ છું. હું મન, બુદ્ધિ, ચિત્ત કે અહંકાર નથી, હું કાન, જીભ, નાક અને નેત્ર નથી, હું આકાશ, પૃથ્વી તેજ વાયુ નથી, હું તો શુદ્ધ બ્રહ્મસ્વરૂપ છું, મારું ચિદાનંદ રૂપ છે. હું પંચ પ્રાણ કે પંચવાયુ નથી, હું સાતધાતુ કે પંચકોષ નથી. હું વાણી, હાથ, પગ ઉપસ્થ કે ગુદા નથી, મારુ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. મારી કોઈ જાતિ નથી, મારા કોઈ માતા-પિતા નથી, કે મારો જન્મ ક્યાંય થતો નથી, તો પછી મૃત્યુની શંકા જ શું કરવાની ? અર્થાત્ મૃત્યુ પણ મારુ થતું નથી, મારો કોઈ ભાઈ, મિત્ર, ગુરુ કે શિષ્ય નથી, હું તો ચિદાનંદ રૂપ છું."



સંસ્કારો જીજીબાઈએ આપ્યા તેના કારણે શિવાજીમાં શુરવીરપણું આવ્યું, તેથીજ વિધર્મીઓને હાંકતા કરી દીધા હતા. બાળકને સંસ્કાર આપવાની વધારે જવાબદારી સ્ત્રીની હોય છે, માતા ધારે તો બાળકમાં સારા સંસ્કાર લાવી શકે છે.

આ રીતે હંમેશાં ઉપદેશ આપીને વૈરાગ્ય કરાવ્યો, એટલે રાજ્યનો ત્યાગ કરીને વિક્રાન્ત જંગલમાં જતો રહ્યો. થોડા વર્ષો ગયા પછી બીજા પુત્રને જન્મ આપ્યો, તેનું નામ **સુબાહુ** પાડ્યું. તેઓને પણ આ રીતના સંસ્કાર આપીને ત્યાગી કરી દીધો. ત્યાર પછી ત્રીજા પુત્રને જન્મ આપ્યો, **શત્રુમર્દન** નામ રાખ્યું. તેને પણ જ્ઞાન-વૈરાગ્યનો ઉપદેશ આપી સંન્યાસી બનાવી દીધો. સમય જતા ચોથો પુત્ર થયો, તેનું નામ **અલર્ક** રાખવામાં આવ્યું. મદાલસાના પતિને ખ્યાલ આવી ગયોકે, "વૈરાગ્યના સંસ્કારો આપીને મારી પત્ની જ મારા પુત્રોને સાધુ બનાવી દે છે, માટે હવે આ પુત્રને તેની પાસે રહેવા દેવો નથી. એમ નિશ્ચય કરી નાનો બાળક અલર્ક હતો તેને પોતાની પાસે મંગાવી લીધો અને માતાને મળવાનું બંધ કરાવી દીધું.

મદાલસાને મનમાં દુઃખ થયું : "અરે ! આ માયામાં બંધાઈ જશે તો તેનો મોક્ષ બગડી જશે, માટે ગમે તેમ કરીને તેને ત્યાગી બનાવું તોજ સાચા અર્થમાં હું **'મા'** કહેવાઉં. કેમ કે કેવળ જન્મ આપવાથી માં કહેવાતી નથી, **પોતાના પુત્રને જન્મ મરણ થકી છોડાવે તેજ સાચી 'મા'** બનવાને લાયક છે." ત્યાર પછી મોટો પુત્ર વિક્રાન્ત સંન્યાસી થઈ ગયો હતો તેને પાછો બોલાવ્યો અને વાત કરી કે, "તારા નાનાભાઈને તારા પિતા મારી પાસે આવવા દેતા નથી; માટે તું તારા પિતાને કહે કે, ગાદીનો વારસદાર તો હું છું માટે મને રાજગાદી આપો, એટલે તને રાજા બનાવશે અને નાના અલર્કને છૂટો કરીને મારી પાસે મોકલશે. ત્યાર પછી હું તેને વૈરાગ્યનો ઉપદેશ આપી જંગલમાં મોકલી દઈશ પછી તું પણ જતો રહેજે."

માતાની વાત સાંભળી વિક્રાન્તે પિતા પાસે જઈને રાજગાદીની માંગણી કરી, એટલે પિતાને આનંદ થયો અને તેને રાજા બનાવી દીધો. રાજા બન્યા પછી વિક્રાન્તે અલર્કને કહ્યું : "તું માતાને વંદન કરવા જજે." પછી અલર્ક મદાલસા પાસે જઈને પગે લાગ્યો, ત્યારે તેણે મસ્તક ઉપર હાથ મૂક્યો, તુરંત સમાધિ થઈ ગઈ ! પછી તેને સ્વર્ગનું સુખ અને પરમાત્માના ધામનું સુખ બતાવ્યું. પછી જમપુરી બતાવી, તેમાં નરક યાતના ભોગવી રહેલા અસંખ્ય પાપીઓને

મારતા બતાવ્યા. તે દશ્ય જોઈને અલર્ક ગભરાઈ ગયો, પછી સમાધિ ઉતરી એટલે મદાલસાને હાથ જોડીને પૂછ્યું: "હે માતા ! આટલું બધુ દુઃખ કોણ ભોગવે છે અને તેઓને શું કામ માર મારવામાં આવે છે?" ત્યારે મદાલસા કહે : "હે પુત્ર! જમપુરીનું દુઃખ રાજાઓ અને તેના નોકરો ભોગવે છે. કારણકે ખોટા ન્યાયો કરીને પોતાની પ્રજાને હેરાન કરે છે તેના કારણે તેઓને યમદૂતો જમપુરીમાં લઈ જઈ ખૂબ માર મારે છે, અને હે પુત્ર! પ્રથમ તેં જે સુખ જોયુ તે સુખની પ્રાપ્તિ તપ કરનારને, ધર્મ પાળનારને, ભક્તિ કરનારને તથા વૈરાગ્યવાનને મળે છે. તે સુખ મેળવવા માટે તારા ત્રણે ભાઈઓ રાજ્યનો ત્યાગ કરી તપ કરવા ગયા છે. પછી તારો જન્મ થયો એટલે તારા પિતા તને, મારી પાસે આવવા દેતા ન હતા, કારણકે હું તને તારા ભાઈઓની જેમ ત્યાગી બનાવી દઉં તેની બીકે કરીને તેઓ તને રાણીવાસમાં મોકલતા ન હતા. તું રાજ્યના કારભારમાં જોડાયો એ જાણીને મને થયું કે, તું હવે જમપુરીમાં જવાનો છે એટલે તને છોડાવવા માટે તારા મોટાભાઈ વિક્રાન્તને બોલાવીને રાજા બનાવ્યો છે, તો હવે તને યોગ્ય લાગે તેમ કર. જો તારે અવિનાશી સુખ જોઈતું હોય તો તપ કરવા જતો રહે અને જન્મ મરણ ગર્ભવાસ અને જમપુરીના દુઃખો ભોગવવાં હોય તો રાજા બનીને રાજ્ય કર." માતાના આવા વચનો સાંભળીને તુરંત અલર્ક ત્યાગી થઈ ચાલી નીકળ્યો. ત્યાર પછી રાજા બનેલ વિક્રાન્ત પણ માતાની આજ્ઞા લઈને જંગલમાં જતો રહ્યો.

➠ બંગાળના અધિપતિ રાજા **ગોપીચંદ** એક વખત સ્નાન કરતા હતા. તેઓને સોળસો રાણીઓ હતી. અનેક રાણીઓ શરીર ચોળી ચોળીને નવરાવતી હતી. ગોપીચંદ યુવાન તેમજ સ્વરૂપવાન હતા, તેમાંય આજે વધુ રૂપવાન દેખાય છે. તે સમયે ઝરુખા ઉપર ઉભેલી તેની માતા મેનાવતીની નજર પોતાના દીકરા ઉપર જાય છે. પુત્રનું રૂપ જોઈને તેના પતિ યાદ આવે છે, તેના કારણે આંખમાંથી આંસુ પડવા લાગે છે. તે આંસુ સ્નાન કરતા ગોપીચંદની પીઠ ઉપર પડે છે, તેથી એકદમ રાજા જઈને, રડવાનું કારણ પૂછે છે. ત્યારે **મેનાવતી** કહે છે : "હે દીકરા ! તારા જેવાજ તારા પિતા સ્વરૂપવાન હતા પરંતુ તેમની કંચન જેવી કાયા રાખમાં રોળાઈ ગઈ. એટલે મને વિચાર આવ્યો કે, તારી પણ આ કાયા એક દિવસ રાખમાં રોળાઈ જશે, માટે હે ગોપીચંદ ! તારે તારી કાયાને રાખમાં રોળાતી ન કરવી હોય તો રાજ્યનો ત્યાગ કરીને વનની વાટ લે, એટલે તને અવિનાશી પદની પ્રાપ્તિ થાય". માતાનાં વચન સાંભળી તુરંત રાજ્યનો ત્યાગ કરી ગોપીચંદ ત્યાગી થઈ ગયા. અને હજુ પણ કહેવાય છે કે તેની કાયાનો નાશ થયો નથી. અર્થાત્ એના એજ દેહે તેઓ હાલમાં પણ સાધના કરી રહ્યા છે. આ પ્રસંગને બિરદાવતાં **નિષ્કુળાનંદસ્વામી** મેનાવતીના વખાણ કરે છે તે સાંભળો આ **કીર્તનના શબ્દોમાં** :-

**'જનુની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી;**
**ઉપદેશ આપ્યો એણી પેરે, લાગ્યો સંસારીડો આગજી.**
**ધન્ય ધન્ય માતા ધ્રુવ તણી, કહ્યાં કઠણ વચનજી;**
**રાજ સાજ સુખ પરહરી, વેગે ચાલિયા વનજી.'**

➠ જેટલા જેટલાનું પતન થયું છે એ ગરીબને દબાવવાથી, ભગવાનના ભક્તનો દ્રોહ કરવાથી જ થયું છે. મહાભારત એમ કહે છે કે, વિદુરજીનું મહાભયંકર અપમાન કરીને દુર્યોધને હાંકી કાઢ્યા છે. પરિણામે કૌરવોનો વિનાશ થયો છે. બાકી પાંડવોમાં શક્તિ નહોતી કે, વિદુરજી જ્યાં સુધી કૌરવોના પક્ષમાં બેઠા હોય ત્યાં સુધી કૌરવોનો પરાજય થાય. રાવણના વિનાશનું કોઈ જો કારણ હોય તો ધક્કા મારીને વિભીષણને કાઢી મુક્યા છે એ જ રાવણના પતનનું કારણ બન્યું છે. માટે ભગવાનના ભક્તથી હંમેશા ડરતા રહેવું.

➠ વડોદરામાં **નાથ ભક્ત** નામના શ્રીજી સમકાલીન સમયમાં એક ઉત્તમ ભક્ત થઈ ગયા છે. તેઓ સત્સંગના તમામ નિયમો પાળતા હતા, પરંતુ આર્થિક સ્થિતિએ તેઓ ખૂબ જ ગરીબ હતા.

એક સમય તેઓના જીવનમાં એવો આવી ગયો કે - અનાજ ખૂટવા આવ્યું. તેથી તેમણે એવો વિચાર કર્યો કે - "એક ભેંસ છે તેને વેચી નાખું અને તેના રૂપિયા આવે તેનું અનાજ લઈ લઉં." એમ વિચાર કરીને મંદિરે ગયા. ત્યાં સયાજીરાવના દિવાન **નારુપંતનાના** દર્શન કરવા આવ્યા. એટલે નાથભક્તે વિચાર કર્યો: "મારી ભેંસનું દૂધ ઠાકોરજીના કામમાં અને તેઓના ભક્તોના કામમાં આવે એ રીતે વેચુ, તેથી ભેંસના જીવાત્માનું પણ કલ્યાણ થાય." આવો વિચાર કરીને તેઓએ નારુપંતનાનાને પૂછ્યું : "દિવાન સાહેબ ! મારે એક ભેંસ વેચવી છે, જો તમારી ઈચ્છા હોય તો તમારા ઘેર મૂકી જાઉં, તમારા જેવા ભક્તોના કામમાં ભેંસનુ દૂધ



જેટલા જેટલાનું પતન થયું છે એ ગરીબને દબાવવાથી, ભગવાનના ભકતનો દ્રોહ કરવાથી જ થયું છે. મહાભારત એમ કહે છે કે, વિદુરજીનું મહાભયંકર અપમાન કરીને દુર્યોધને હાંકી કાઢ્યા છે. પરિણામે કૌરવોનો વિનાશ થયો છે.

આવે તો ભેંસનું કલ્યાણ થાય.'' તે સમયે નારુપંતજીને પણ દૂઝાણાંની જરૂર હતી, તેથી ભેંસને ઘેર મૂકી જવાનું કહ્યું. પછી નાથભક્ત ભેંસને દિવાનજીને ઘેર મૂકી આવ્યા. આ પ્રસંગને આઠ દિવસ વીતી ગયા, તોપણ નારુપંતનાનાએ ભેંસના રૂપિયા આપ્યા નહિ, તેથી એક દિવસ નાથ ભક્તે મંદિરની અંદર રૂપિયા માગ્યા. ત્યાં તો લાલ આંખ કરીને દિવાન બોલ્યા : ''એલા ભિખારી ! શરમ નથી આવતી ? કે આટલા બધા માણસોની વચ્ચે રૂપિયા માંગે છે ? શું તારા રૂપિયા લઈને હું ભાગી જવાનો છું ?'' ત્યારે નાથ ભક્તે કહ્યું : ''સાહેબ ! મારા ઘરમાં અનાજ ખૂટી ગયું છે, તેથી વહેલા રૂપિયા આપો તો વહેલા અનાજ લાવી શકુ.'' પરંતુ નારુપંતે તો કંઈ સાંભળ્યું જ નહિ અને ચાલતા થઈ ગયા.

તેવા સમયમાં યોગીરાજ **ગોપાળાનંદસ્વામી** વડોદરા પધાર્યા, તેથી નાથ ભક્તે સ્વામીને સર્વે બીના કહી સંભળાવી. ત્યારે સ્વામી બોલ્યા : ''મારી હાજરીમાં રૂપિયા માગજો.'' એમ જ્યાં વાત કરી રહ્યાં ત્યાં નારુપંત દર્શને આવ્યા. એટલે નાથ ભક્તે પેલા રૂપિયા માગ્યા, ત્યાંતો નારુપંતનો પિત્તો આસમાને ચઢી ગયો ! તેથી પગમાંથી મોજડી કાઢીને જ્યાં નાથ ભક્તને મારવા ગયા, ત્યાં ગંભીરવાણી સંભળાઈ હાં...હાં દિવાન ! ખબરદાર ! તુરંત અવાજની દિશામાં નારુપંતનાનાએ જોયું ત્યાંતો ગોપાળાનંદસ્વામી ! સ્વામી નજીક આવીને કહેવા લાગ્યા : ''દિવાનજી! હરિભક્તોને તો સામે ચાલીને મદદ કરવાની હોય, એના બદલામાં તમો મહાન ભક્તને મારવા તૈયાર થયા ? શું તમોએ ભક્તોનો મહિમા જાણ્યો ? નાથ ભક્તની સ્થિતિ તમે જાણો છો ? એક ક્ષણમાં સત્તા જતી રહેશે, જો ભક્તનું હૃદય દુઃખાયું તો; સમજ્યા ? તમારી પાસે ક્યાં મફતના માગે છે ? તેઓ તો ભેંસના રૂપિયા માગે છે, અને છતાં પણ તમો મારવા દોડો છો ?'' આ રીતે સ્વામી ઠપકો આપવા લાગ્યા, એટલે એકપણ શબ્દ બોલ્યા સિવાય નારુપંત જતા રહ્યા.

ત્યારે નાથ ભક્તને રડવું આવી ગયું અને તેઓ પણ કંઈ બોલ્યા વિના ઘેર ગયા. તથા સ્વામીનું પણ હૃદય દુઃખાઈ ગયું અને તેઓ પણ વરતાલ આવતા રહ્યા.

સ્વામી અને નાથ ભક્ત કોચવાયા તેના કારણે નારુપંતની **પડતીનાં શ્રીગણેશ** મંડાયા ! તેઓ સયાજીરાવના અંગત કારભારી હતા, તેથી મહારાજાની જેમ તેઓ સર્વે સ્થાને જઈ શકતા. તેના કારણે રાણી ચિમનાબાઈ સાથે પણ તેઓને સારી ઓળખાણ હતી. એક દિવસ ચિમનાબાઈએ નારુપંતને બોલાવીને ખાનગીમાં કહ્યું : ''મહારાજાને ઝેરના લાડુ ખવડાવીને મારી નાખીએ અને રાજકુમાર ગણપતરાવને ગાદીએ બેસાડીને હું રાજમાતા બની જાઉં અને તમો મુખ્ય પ્રધાન બનીને તમામ ગાયકવાડ રાજ્યનો વ્યવહાર કરો.''

રાણીની વાત સાંભળીને ભક્તદ્રોહને કારણે બુદ્ધિ જેમની નાશ પામી છે એવા નારુપંતના સત્તાના લોભથી તૈયાર થઈ ગયા. પછી રસોયાને બોલાવી ઝેરના લાડુ ખવડાવીને મહારાજા સિંહજીતને મારવા, એવું નક્કી કર્યું. અને અમુક રૂપિયા રસોયાને આપ્યા.

પછી પત્રમાં આ સંપૂર્ણ વિગત લખી, રાણી ચિમનાબાઈએ, નારુપંતે અને રસોયાએ સહી કરી. તે પત્ર નારુપંતનાનાએ પોતાના કોટના ખીસ્સામાં મૂક્યો. પછી વળતા દિવસે રસોયાએ ભયંકર ઝેર ભેળવીને ચુરમાના લાડુ બનાવ્યા, અને ત્રણેય જણ સિંહજીતની રાહ જોઈને બેઠા, ત્યાં મહારાજા આવ્યા. ભોજન પીરસાયાં એટલે નારુપંતનાનાને પણ તાણ કરીને રાજાએ જમવા બેસાડ્યા. તેથી કોટ ઉતારીને નારુપંત પણ સાથે જમવા બેસી ગયા, એટલે રાજાને કોઈ શંકા ન જાય.

એક બાજુ ભોજન પીરસાય છે તેજ સમયે ધોબી, મહારાજનો કોટ લેવા આવ્યો. દરરોજની ટેવ મૂજબ તેણે નારુપંતના કોટને રાજાનો કોટ સમજી ખીસ્સામાં હાથ નાખ્યો, ત્યાં તો ચિઠ્ઠી હાથમાં આવી. તેથી તેણે ખોલીને જોયું ત્યાં તો મહારાજાને મારવાનું ષડયંત્ર ! તુરંત ધોબીએ મહારાજા સામું જોયું, ત્યાંતો કાતિલ ઝેરનો લાડુ મુખમાં મૂકે એટલી જ વાર ! તુરંત ધોબીએ બૂમ પાડી : ''મહારાજા...! લાડુ જમશો નહિ.'' એમ કહીને પેલી ચિઠ્ઠી રાજાને આપી. રાજાએ વાંચી, ત્યાં તો રોમ રોમમાં ક્રોધ વ્યાપી ગયો અને હુકમ કરી દીધો : ''આ રસોયાને જીવતો લીલા કાંટામાં નાખી સળગાવી દો, આ પાપીણી રાણીને જીવતી દિવાલમાં ચણી લો.'' પછી રાજાની આજ્ઞા મૂજબ બન્નેને આ રીતે મારી નાખવામાં આવ્યા.

પછી નારુપંતનાનાને કહ્યું : ''મને સ્વામિનારાયણ ભગવાને કહ્યું છે કે - ''આ નારુપંતનાના તમારા ગુનામાં આવે તોપણ દેહાતદંડની સજા કરશો નહિ.'' માટે હું તને મારતો નથી.'' એમ કહી કાઢી મૂક્યાં અને તમામ સ્થાવર-જંગમ મિલ્કત લઈ લીધી. તેના કારણે નાથ ભક્ત કરતાં પણ ખરાબ પરિસ્થિતિ નારુપંતને આવી હતી. અને છેલ્લી અવસ્થામાં દક્ષિણીઓના સદાવ્રતોમાં જમીને જીંદગી પૂરી કરી હતી. આ ભક્તદ્રોહનું પરિણામ!

શ્રીજીમહારાજે ભગવાનના ભક્તના દ્રોહથી જે નુકસાન થાય છે તે વિશે ઘણા **વચનામૃતો**માં વાતો કરી છે :

''ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે, તે અતિશય મોટા હતા તોપણ પોતાની પદવી થકી પડી ગયા છે. જેને ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહમાંથી જ થાય છે. ભગવાનના ભક્તનો દ્રોહ કરવો એ જ ભગવાનને કુરાજી કરવાનો ઉપાય છે.'' (વચ.ગ.મ. ૨૮)

''ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે

કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે, ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ અને કષ્ટ થાય છે કે ભૂંડું થાય છે, તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.'' (વચ.ગ.મ. ૪૦)

''સંસારમાં પંચ મહાપાપના કરનારનો કોઈ દિવસ છૂટકો થાય, પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. ભક્તનો દ્રોહ કરવો તે બરોબર કોઈ પણ પાપ નથી.'' (વચ.મ. ૬૩)

''અમારો તો એવો સ્વભાવ છે જે એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશય બીયે છીએ જે, 'રખે એમનો દ્રોહ થઈ જાય નહિ.' અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહિ. અને એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે.'' (વચ. વર. ૧૧)

''ભગવાન અને ભગવાનના ભક્તનો દ્રોહી હોય તેને તો અનંત કોટિ કલ્પ સુધી મરવું પડે ને અવતરવું પડે. ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવાથી જીવનો નાશ થાય...''

(વચ. અં. ૧૨)

''કોટિ ગોહત્યા કરી હોય તથા મદ્યમાંસનું ભક્ષણ કર્યું હોય તથા અસંખ્ય ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તે એ પાપ થકી છૂટકો થાય પણ ભગવાન ને ભગવાનના ભક્તનો જે દ્રોહી તેનો તો કાળે એ પાપ થકી છૂટકો ન થાય.'' (વચ. અં. ૨૨)

ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્વયં કહે છે કે, ''ભગવાનનો ભક્ત રંક હોય, ગરીબ હોય તોપણ કદી જિંદગીમાં તે નારાજ થાય કે તેનો દ્રોહ કરવાની ભૂલ કરશો નહિ.''

'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં **શ્રીજીમહારાજ** કહે છે :

➠ સત્સંગમાં નિયમ રાખનારા અગ્નિ સમાન શુદ્ધ છે ને દ્રોહ કરનારા વિકટ રોગે કરીને બીજી રીતે વિના અગ્નિએ બળતા રહે છે. તનમાં રોગ આવે છે ને તે રાત-દિન રડ્યા કરે છે. (૧૫/૨૭)

➠ રાત-દિવસ ભગવાનને **પ્રાર્થના** કરવી કે કોઈ જીવનો ક્યારેય કોઈ રીતે દ્રોહ ન થાય. મન-કર્મ-વચનથી અજાણ્યે દ્રોહ લગારેક પણ થઈ જાય તો સ્તુતિ કરવી, ક્ષમા માગવી, 'માફ કરજો, દયા કરીને દ્રોહથી ઉગારજો' એમ સંભારે તેની **રક્ષા** ભગવાન કરે છે. (૧૨/૩૦)

V લીંબડીની બાજુમાં **તરાડીયા** નામનું ગામ છે. ત્યાં **શામજી કોળી** રહેતા હતા. પ્રથમ તો તેઓ વ્યસની હતા અને સસલાં-મોરલા વગેરે પ્રાણીઓની હિંસા પણ કરતા હતા, પરંતુ સંતોના સુયોગથી તમામ ફેલ-ફતુર છોડી પરમ ભક્તરાજ બની ગયા હતા. શામજીભાઈ ભગત બન્યા તેના કારણે તેઓના જ્ઞાતિના લોકોએ બહુ ઉપાધિ કરી, પરંતુ શામજી ભક્તે સત્સંગ છોડ્યો નહિ; તેથી કુસંગીઓને આંખના કણાંની માફક ખટકવા લાગ્યા.

કોળીની નાતમાં કરશન પગી હતો. તે બહુ ખરાબ હતો અને તેને લીંબડીના કાકાસાહેબ(રાજા) સાથે સારી ભાઈબંધી હતી, તેના કારણે તે કરશન પગી શામજી ભક્તને ખૂબ પરેશાન કરતો હતો. તેવા સમયમાં તરાડીયા ગામમાં ચોરી થઈ, તેથી તે ચોરને ખોળવાનું કામ કરશન પગીને કાકા સાહેબે સોપ્યું.

કરશન પગી તો રાહ જ જોતો હતો, તુરંત કુસંગીઓને લાંચ આપી શામજી ભક્તને ગુનેગાર તરીકે સાબિત કરી દીધા, તેથી સાહેબે તેઓને જેલમાં પુર્યા. ગુનાનો પુરાવો હતો અને વધારામાં પુરુ કર્યું કરશન પગીએ.-તે કહેવા લાગ્યો : ''કાકા સાહેબ ! શામજીએ તો આવા અનેક ગુના કર્યા છે, માટે તેને દેહાંતદંડની સજા થવી જોઈએ.'' ત્યાંતો સાથે આવેલા કુસંગીઓ પણ બોલી ઊઠ્યા : ''હા...હા...તેને તો એવી જ સજા થવી જોઈએ.'' તુરંત કચેરીમાં લીંબડી ના રાજાએ કહ્યું : ''આવતી કાલે સવારે, શામજીને બંદૂકના ભડાકે દેવામાં આવશે.''

નિર્દોષ હોવા છતાં મોતની સજા થઈ તેથી શામજી ભક્ત તો જેલમાં રડી પડ્યા અને શ્રીહરિજીને પ્રાર્થના કરવા લાગ્યા : ''હે પ્રભુ ! મને વહેલા વહેલા ધામમાં તેડી જજો.'' તુરંત દયાળુ પ્રભુએ દર્શન આપ્યાં અને બોલ્યા : ''શામજી ભક્ત ! તમે નિર્દોષ છો તેથી તમોને ગોળી નહિ વાગે. માટે ચિંતા કરશો નહિ.'' આમ કહીને શ્રીહરિજી અંતર્ધાન થઈ ગયા. સવારે શામજી ભક્તને મારવા માટે મારાઓ આવ્યા. સાથે કાકાસાહેબ પણ છે અને ગામના નગરજનો પણ છે. ભગતને એક સ્થાને ઊભા રાખી રાજાએ હુકમ કર્યો. તુરંત મારાએ ગોળી છોડી ત્યાં તો આશ્ચર્ય થયું ! ગોળી છાતીએ અથડાઈને નીચે પડી ગઈ. બીજાએ ગોળી મારી, તેપણ એમની એમ ફેલ ગઈ. એટલે ત્રીજી વાર મારી, તો તે પણ ફૂલની જેમ છાતીનો સ્પર્શ કરી નીચે પડી ગઈ. સાહેબે જોયું ત્યાંતો શામજી ભક્ત આંખો બંધ કરીને સ્વામિનારાયણ નામનું અખંડ સ્મરણ કરતા હતા. ત્યાંતો લોકોએ શોર-બકોર કર્યો : ''શામજી ભક્ત નિર્દોષ છે, તેને છોડી મૂકો.''

**ક્રમશઃ**
**(વધુ આગામી અંકોમાં)**



# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા સાધુ ધર્મવલ્લભદાસજી

## ખંભાત





વડતાલ પ્રદેશના ખંભાત શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ તથા સત્સંગ સભા.

## એકલેરા





ગઢડા પ્રદેશના એકલેરા (તા. લીલીયા) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પદયાત્રા પ્રસંગે યોજાયેલ સત્સંગ સભા.

## બાઢડા





ગઢડા પ્રદેશના બાઢડા (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પદયાત્રા પ્રસંગે યોજાયેલ સત્સંગ સભા.

## ગઢડા





ગઢડાને આંગણે પ.ભ. શ્રી પ્રેમજીભાઈ વાણાણીના યજમાનપદે યોજાયેલ કથાપારાયણ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.




ગઢડાને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં ઉજવાયેલ પૂ. બાળલાલજી મહારાજશ્રીનો જન્મોત્સવ.




જૂનાગઢ પ્રદેશના નાવડા (તા. વંથલી)ને આંગણે શ્રી માણકી સ્થાપના પ્રસંગે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા




જૂનાગઢ પ્રદેશના વેરાવળ (સોમનાથ) શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા.




જૂનાગઢ પ્રદેશના વિસાવદર શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના પીપળાવ ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ સત્સંગ સભા.




વડોદરા શહેરને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં આસોપાલવ જ્વેલર્સના યજમાનપદે યોજાયેલ દિવ્ય શાકોત્સવ સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના ખેડા શહેરને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ મહાપૂજા તથા સત્સંગ સભા.




ગઢડા પ્રદેશના અગીયાળી (ભાવનગર) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.






ગઢડા પ્રદેશના નાના ઝીંઝુડા (તા. સાવરકુંડલા) ગામને આંગણે પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભા.






વડતાલ પ્રદેશના ખુનવાડ (તા.સંખેડા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.






જૂનાગઢ પ્રદેશના વંથલી (સોરઠ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ દિવ્ય સત્સંગ સભા.






વડતાલ પ્રદેશના કાયાવરોહણ (વડોદરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.




વડતાલ પ્રદેશના નાંદોલી (તા. માતર) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.




વડતાલ પ્રદેશના દેથલી (તા. માતર) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.




ગઢડા પ્રદેશના ગરણી (તા. બાબરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં જીનિંગ મીલના ઉદ્‌ઘાટન પ્રસંગે યોજાયેલ દિવ્ય સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના પોઈચા (વડોદરા) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.




વડતાલ પ્રદેશના દુધવાડા ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ દિવ્ય શાકોત્સવ સત્સંગ સભા.




વડતાલ પ્રદેશના પલાણા ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં યોજાયેલ દિવ્ય કથા પારાયણ.




વડતાલ પ્રદેશના નાના ફોફડીયા ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.





કેશોદ શહેરને આંગણે યોજાયેલ જનોઈવિધિ પ્રસંગે પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.

## પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી સરધાર મંદિર છાત્રાલયમાં વિનામુલ્યે નિવાસ કરતા વિદ્યાર્થીઓના ઘેરે શ્રી ઠાકોરજી તથા પૂ. સંતોની પધરામણી

### શાકોત્સવ - સત્સંગ સભા તસ્વીર

**માંડવા**



**રામોદ**



**ખજુરી**



**માણાવદર**




**કેશોદ**



**માળિયા હાટીના**




**દાદર ગીર**




**ખાંભા ગીર**




**જૂની હળિયાદ**




**સરસીયા**



**હિરાવા**



**વડલી**



ભગવાન શ્રી સ્વામિનારાયણનું મહાન તીર્થધામ સરધારમાં છાત્રાલયમાં વિનામુલ્યે રહીને રાજકોટ-ત્રંબા અભ્યાસ કરતા ૪૦૦થી વધુ કોલેજીયન વિદ્યાર્થીઓના ઘેરે તા. ૧૨ થી ૨૦-૨-૨૦૧૫ સુધી ૧૨૫થી વધુ ગામોમાં શ્રી ઠાકોરજી તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી આદિક સંતોની પધરામણી પ્રસંગે અનેક ગામોમાં સત્સંગ સભાઓ તથા શાકોત્સવોના દિવ્ય આયોજનો થયા હતા.

ઉના



મોટા સમઢીયાળા



પીપળીયા



લુવારીમોલી




છેલણા



રાજુલા



સાંજણાવાવ




બાલાપર




તાવેડા



તાવેડા



હરિપરા



બિલડી



## સાકરપરા








ગઢડા પ્રદેશના સાકરપરા (તા. સાવરકુંડલા) ગામને આંગણે યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા


## છાપરી



## નાની વડાળ



## નાના ઝીંઝુડા



## શેલણા



## ભંડારીયા



## સારીંગપુર



## સાતપડા



## ભાવનગર



## શિહોર



## નાના રાજકોટ






ગઢડા પ્રદેશના નાના રાજકોટ (તા. લીલીયા) ગામને આંગણે યોજાયેલ શાકોત્સવ તથા સત્સંગ સભા

## હાથીજણ




## સલડી




## સલડી



## જાત્રોડા




## નાની પાળીયાદ




## લીંબડી




## શેખપાટ



## જામ ખીરસરા



## સરધાર






વડતાલ પ્રદેશના રાસ (તા.બોરસદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાનિધ્યમાં ઉજવાયેલ સરધારનિવાસી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ નૂતન શ્રી સ્વામિનારાયણ હરિમંદિરનો 'મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ' તથા 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૭ થી ૯-૨-૧૫)




વડતાલ પ્રદેશના પાળજ (તા. પેટલાદ) ગામને આંગણે પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં યોજાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ તથા શ્રી હનુમાનજી-ગણપતિજીની પુનઃ પ્રતિષ્ઠા તથા શ્રી પુરુષોત્તમ પ્રકાશ કથા પારાયણ. (૫ થી ૯-૨-૨૦૧૫)

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીની આગામી

## કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | વિગત | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૨૮-૩-૨૦૧૫ થી<br>૩-૪-૨૦૧૫ | ચૈત્ર સુદ - ૯ થી<br>ચૈત્ર સુદ - ૧૪ | શતાબ્દી<br>મહોત્સવ | **મુ. કાયાવરોહણ,** તા. ડભોઈ, જી. વડોદરા<br>સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૬૯૭૮૨૩૬ |
| ૨. | ૫-૪-૨૦૧૫ થી<br>૧૧-૪-૨૦૧૫ | ચૈત્ર વદ - ૧ થી<br>ચૈત્ર વદ - ૭ | શ્રી ભાગવત કથા<br>મહોત્સવ | **મુ. સ્કોડા શોરૂમની સામે, ગોંડલ રોડ, રાજકોટ**<br>સંપર્ક :- મો. ૯૯૨૪૪૮૨૪૪૪, ૯૮૨૪૦૩૬૭૨૧ |
| ૩. | ૧૦-૪-૨૦૧૫ થી<br>૧૮-૪-૨૦૧૫ | ચૈત્ર વદ - ૬ થી<br>ચૈત્ર વદ - ૩૦ | શ્રી સ્વામિનારાયણ<br>મહોત્સવ | **મુ. યોગીચોક, પુણાગામ, સુરત**<br>સંપર્ક :- મો. ૮૧૨૮૬૯૧૫૧૩ |
| ૪. | ૨-૫-૨૦૧૫ થી<br>૫-૫-૨૦૧૫<br>૫-૫-૨૦૧૫ | વૈશાખ સુદ-૧૩ થી<br>વૈશાખ વદ - ૧<br>વૈશાખ વદ - ૧ | શ્રી સ્વામિનારાયણ<br>બાળયુવા મહોત્સવ<br>રત્નાકર મહોત્સવ | **મુ. શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર**<br>સંપર્ક :- મો. ૭૬૦૦૦૫૮૫૦૩/૦૫<br>**મુ. શ્રી સ્વામિનારાયણ બાગ, સરધાર** |


દર મહિનાના પહેલા રવિવારે **સરધારધામ**માં યોજાતી

**તારીખ** ૧-૩-૨૦૧૫

## ॥ અભયદાન માસિક સત્સંગ સભા ॥

**સમય** સવારે ૯ થી ૧

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર, તા.જી. રાજકોટ. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧, મો. ૯૮૭૯૭૫૮૫૦૩

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

**પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા તથા શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશમાં સુપ્રસિદ્ધ વક્તા પૂ. સ.ગુ. સ્વામી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે તૈયાર થયેલ**

# કથાપારાયણો તથા મહોત્સવોની તિથિ-તારીખ

| ક્રમ | કથા તારીખ | કથા તિથિ | પ્રતિષ્ઠા તિથિ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧. | ૮-૩-૨૦૧૫ થી ૧૨-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૩ થી ફાગણ વદ - ૬ | ફાગણ વદ - ૬ તા. ૧૨-૩-૨૦૧૫ | મુ. **સામલોદ**, તા. ઝઘડીયા, જી. ભરુચ સંપર્ક :- મો. મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૨. | ૯-૩-૨૦૧૫ થી ૧૩-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૩ થી ફાગણ વદ - ૭ | ફાગણ વદ - ૭ તા. ૧૩-૩-૨૦૧૫ | મુ. **સીમળીયા**, તા. સંખેડા, જી. વડોદરા સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૩. | ૧૪-૩-૨૦૧૫ થી ૨૦-૩-૨૦૧૫ | ફાગણ વદ - ૮ થી ફાગણ વદ - ૩૦ | ફાગણ વદ - ૮ તા. ૧૪-૩-૨૦૧૫ | મુ. **શ્રી સ્વા. મંદિર, રાજાજી રોડ, ડોંબીવલી (ઈ)** સંપર્ક :- મો. ૯૩૨૨૭૫૩૦૫૨ |
| ૪. | ૨૦-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૨ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૫ તા. ૨૩-૪-૨૦૧૫ | મુ. **બારડોલી**, જી. સુરત સંપર્ક :- મો. ૯૮૨૫૧૩૪૧૦૮, ૯૪૨૭૮૫૪૦૮૦ |
| ૫. | ૨૦-૪-૨૦૧૫ થી ૨૪-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૨ થી વૈશાખ સુદ - ૬ | વૈશાખ સુદ - ૫ તા. ૨૩-૪-૨૦૧૫ | મુ. **ભક્તિધારા રેસીડેન્સી, સાયણ, સુરત** સંપર્ક :- મો. ૯૮૨૫૭૬૯૯૯૨, ૯૮૨૫૬૧૦૫૧૮ |
| ૬. | ૨૫-૪-૨૦૧૫ થી ૨૯-૪-૨૦૧૫ | વૈશાખ સુદ - ૭ થી વૈશાખ સુદ - ૧૧ | વૈશાખ સુદ - ૭ તા. ૨૫-૪-૨૦૧૫ | મુ. **ગુંદરણી**, તા.મહુવા, જી. ભાવનગર **સુરત** સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૩૮૩ |
| ૭. | ૭-૫-૨૦૧૫ થી ૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૩ થી વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮ તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ગુંજાર**, તા.ધંધુકા, જી. અમદાવાદ સંપર્ક :- મો. ૯૬૬૨૪૨૩૨૮૭, ૯૬૬૨૧૪૯૯૪૮ |
| ૮. | ૯-૫-૨૦૧૫ થી ૧૧-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૫ થી વૈશાખ વદ - ૮ | વૈશાખ વદ - ૮ તા. ૧૧-૫-૨૦૧૫ | મુ. **ધંધુકા**,જી. અમદાવાદ સંપર્ક :- મો. ૯૪૨૮૪૯૯૩૦૮ |
| ૯. | ૧૧-૫-૨૦૧૫ થી ૧૫-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી વૈશાખ વદ - ૧૨ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **કોલડા**, તા.કુંકાવાવ, જી. અમરેલી સંપર્ક :- મો. ૯૯૭૯૪૮૫૫૩૦ |
| ૧૦. | ૧૨-૫-૨૦૧૫ થી ૧૬-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૮ થી વૈશાખ વદ - ૧૩ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **વિરડી**, તા. ગારીયાધાર, જી. ભાવનગર સંપર્ક :- મો. ૯૪૨૬૮૩૨૮૪૩, ૯૩૭૬૭૯૯૨૯૪ |
| ૧૧. | ૧૫-૫-૨૦૧૫ થી ૧૭-૫-૨૦૧૫ | વૈશાખ વદ - ૧૨ થી વૈશાખ વદ - ૧૪ | વૈશાખ વદ - ૧૨ તા. ૧૫-૫-૨૦૧૫ | મુ. **સુકી સાજડીયાળી**, તા.જી. રાજકોટ સંપર્ક :- મો. ૯૦૯૯૯૯૯૬૩૩ |

## છપાય છે... છપાય છે... ટૂંકસમયમાં જ વ્રત-ઉત્સવનો નિર્ણય છપાય છે... છપાય છે...

વ્હાલા ભક્તજનો ! ટૂંકસમયમાં જ દક્ષિણ વિભાગ વડતાલ દેશ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠસ્થાન દ્વારા **વ્રત-ઉત્સવોનો નિર્ણય** છપાય છે તો જો આપ તેમાં પોતાનું **નામ** અથવા **કંપની, ઓફિસ, ફેક્ટરી** યા તો દુકાનનું નામ **શુભેચ્છક** તરીકે આપવા ઈચ્છતા હોય તેમણે તેમજ નિર્ણયમાં આપવામાં આવતી મંદિરોની યાદીમાં આપના ગામનું નામ જો ન હોય અથવા આપની જાણમાં કોઈ મંદિરનું નામ બાકી રહી ગયું હોય તો નીચે જણાવ્યા પ્રમાણે **સંપર્ક** કરવો.

**પૂ. ઘનશ્યામી સ્વામી** - મો. ૯૮૨૫૧૩૪૧૦૮ **પ.ભ. શ્રી નનુમામા** - મો. ૯૦૯૯૨૯૨૯૨૫



શ્રી ઘનશ્યામ મહારાજ
ડોંબીવલી

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

સનાતન વૈદિક ધર્મ તથા સંસ્કૃતિના પ્રતીક સમાન ડોંબીવલી શહેરના
આભૂષણ સ્વરૂપ શ્રી સ્વામિનારાયણ મંદિરના દસ (૧૦) વર્ષ પૂર્ણ
થતાં હોય ત્યારે તેના ઉપલક્ષમાં તેમજ મહિલા મંદિરની પુનઃ મૂર્તિ પ્રતિષ્ઠા

અંતર્ગત ડોંબીવલી શહેરને આંગણે

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ ઉત્કર્ષ એવં મહોત્સવ ડોંબિવલી

## શ્રીમદ્ સત્સંગિજીવન સપ્તાહ પારાયણ

**વક્તા :- પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી**

અધ્યક્ષશ્રી



પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

॥ મહોત્સવ પ્રારંભ ॥ તા. ૧૪-૩-૨૦૧૫, ફાગણ વદ - ૮

॥ મહોત્સવ પૂર્ણાહુતિ ॥ તા. ૨૦-૩-૨૦૧૫, ફાગણ વદ - ૩૦

**કથા સમય :- સાંજે ૫.૦૦ થી રાત્રે ૧૦.૦૦ સુધી**

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો

**૪૧મો જન્મોત્સવ**

**મહોત્સવ સ્થળ :-** કે.ડી.એમ.સી મેદાન, ઘરડા સર્કલ, ડોંબીવલી (ઈ)

**નિમંત્રક તથા આયોજક -** શ્રી સ્વામિનારાયણ મંદિર, રાજાજી રોડ, ડોંબીવલી (ઇ)

**વેબસાઈટ ઓનલાઈન -** www.sardharkatha.com, www.svg.org

ઉપાધ્યક્ષશ્રી



પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજીમહારાજશ્રી

સંપર્ક - પૂ. પ્રેમ સ્વામી - મો. 9322753052, શ્રી સ્વા.મંદિર - 0251 - 2453875, Mo. 9833980954, 8879009107, 9892697642

---

પધારો રૂણજ

પધારો રૂણજ

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ વિદ્યમાન પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી
આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવના તાબાનું નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિર - રૂણજનો ભવ્ય



# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

તારીખ :- ૯ થી ૧૩-૩-૨૦૧૫

પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો

**૪૧મો જન્મોત્સવ**

તારીખ :- ૧૩-૩-૨૦૧૫

**શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ તથા શ્રીહરિ યાગ**

**વક્તા :-** પૂ. કો. સ્વામી શ્રી ઘનશ્યામવલ્લભદાસજી - ગઢડા

**આયોજક :-** પૂ. સ્વામી શ્રી નિરન્નમુક્તદાસજી (વકિલ સ્વામી)-વડતાલ

**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર, મું. રૂણજ, તા. સોજીત્રા, જી. આણંદ**

વધુ જાણકારી માટે સંપર્ક :- પા. મહેશ ભગત - મો. ૯૯૭૮૦૧૩૦૫૦

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી





:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

૧૩મી

શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર દ્વારા આયોજીત તેરમી

# શ્રી સ્વામિનારાયણ ચારધામ સ્પેશ્યલ ટ્રેનયાત્રા

પ્રયોજક : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી



:: પ્રસ્થાન ::
**તા. ૨૦-૬-૨૦૧૫**
(અ.અષાઢ સુદ – ૪)

## ટીકીટ દર : ૨૯,૫૦૦

:: આગમન ::
**તા. ૧૨-૭-૨૦૧૫**
(અ.અષાઢ વદ – ૧૧)

દર્શનીય તીર્થ સ્થળો

**નાસિક, ત્ર્યંબકેશ્વર, પંઢરપુર, રામેશ્વર, શ્રીરંગક્ષેત્ર, શિવકાંચી-વિષ્ણુકાંચી (કાંચીપૂરમ્), ભૂતપુરી, વેલુર, તિરૂપતિ બાલાજી, જગન્નાથપુરી, સાક્ષીગોપાલ, ભૂવનેશ્વર, ધોલાગીરી, કાશી, અલ્હાબાદ-પ્રયાગરાજ, અયોધ્યા, છપૈયા, હરિદ્વાર, ઋષિકેશ, લક્ષ્મણઝુલા, બદ્રિનાથ, મથુરા, ગોકુળ, રમણરેતી, વૃંદાવન, દ્વારકા.**

બુકિંગ માટે સંપર્ક :

**સરધાર મંદિર :** ફો. (૦૨૮૧)૨૭૮૧૨૧૧ **પૂ. પતિતપાવન સ્વામી** - મો. ૭૬૦૦૦૫૮૫૦૫, **રાજુ મહેતાજી** - મો. ૯૫૧૦૮૬૧૦૦૮
**સુરત :** વિરજી ભગત–શ્રીજીમંદિર મો. ૮૧૨૮૬૯૧૫૧૩, **વડતાલ :** પૂ. ધર્મવલ્લભ સ્વામી મો. ૯૦૯૯૯૯૯૬૨૬, **મુંબઈ :** પૂ. પ્રેમ સ્વામી મો. ૯૩૨૨૭૫૩૦૫૨

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્યશ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી, **પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી** આદિક **સંતો-હરિભક્તો** સંગ







# સરધાર રાજકોટ થી જૂનાગઢ દિવ્ય પદયાત્રા

## ૨૭-૨ થી ૧-૩-૨૦૧૫

### અગત્યના સૂચનો :-

- આ પદયાત્રામાં જોડાવા ઈચ્છતા ભાઈઓ તથા બહેનોના પુરા નામ-સરનામા સાથે આવનાર દરેક સભ્યોનું સારા અક્ષરે લીસ્ટ કરી તા. ૨૩-૨-૨૦૧૫ સુધીમાં નીચે જણાવેલ આયોજક-સંપર્કને જણાવી દેવું.
- પદયાત્રામાં જોડાયેલ દરેક ભક્તોને જળપાન-મહાપ્રસાદની વ્યવસ્થા રસ્તામાં કરવામાં આવશે.
- પદયાત્રામાં જોડાનાર યાત્રિક સત્સંગી અને નિત્ય પૂજાપાઠ કરતા હોવા ફરજીયાત છે.



:: અધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય
શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી



:: ઉપાધ્યક્ષશ્રી ::
પ.પૂ. ધ.ધુ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**આયોજક : શ્રીસ્વામિનારાયણ મંદિર -સરધાર તથા બાબરીયા કોલોની-રાજકોટ**

વધુ જાણકારી માટે સંપર્ક :- પૂ. પતિતપાવન સ્વામી - મો. ૭૬૦૦૦૫૮૫૦૫. વિશાલ પટેલ - મો. ૯૮૭૯૭૧૨૭૬૮




વડતાલ પ્રદેશના મેઘલપુર (તા. સોજીત્રા, જી. આણંદ) ગામને આંગણે તા. ૪-૨-૨૦૧૫ના રોજ યોજાયેલ નૂતન હરિમંદિરનો ખાતમુહૂર્ત મહોત્સવ




**સરધારધામ**ને આંગણે ઉજવાયેલ **૨૬મી જાન્યુઆરી-પ્રજાસતાકદિન મહોત્સવ**માં **પ.પૂ. ૧૦૮ શ્રી ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** તથા પૂ.સંતો-હરિભક્તો તથા સરધાર મંદિર છાત્રાલયમાં વિનામૂલ્યે નિવાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ સરધાર વિસ્તારની અનેક સ્કુલોના વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહીને રાષ્ટ્રધ્વજને સલામી આપી પ્રસંગોપાત્ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતા.

Swaminarayan Chintan, February - 2015 Reg. No. RJT - 624/13-15, Valid up to 31/12/15, RNI No. GUJGUJ-2013/47868_Posted at Rajkot R.M.S on 20th of every month wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2015




સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા સ્થાપિત સોરઠ પ્રદેશના અધિષ્ઠાતા શ્રી રાધારમણ દેવના દિવ્ય સાન્નિધ્યમાં
પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ

## 'વસંતોત્સવ તથા શિક્ષાપત્રી જયંતિ મહોત્સવ' (તા. ૨૪-૨-૨૦૧૫)

તા. ૨૪-૧-૨૦૧૫, વસંતપંચમીના પવિત્ર દિવસે સોરઠ ધરાનું **સર્વોત્તમ તીર્થધામ** શ્રી **જૂનાગઢધામ**માં **સમગ્ર ધર્મકુળ પરિવાર**ના દિવ્ય સાન્નિધ્યમાં સર્વજીવહિતાવહ અને ભગવાન શ્રીહરિનું વાઙ્મય સ્વરૂપ ગ્રંથરાજ **શિક્ષાપત્રી જયંતિ** તેમજ **સંતનિવાસ ખાતમુહૂર્ત**, **નૂતન યાત્રિક ભુવન ઉદ્‌ઘાટન** તથા બંને **પૂ. બાળલાલજી મહારાજશ્રી**નો જન્મોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે વડતાલ, ગઢડા, ધોલેરા વગેરે ધામોધામથી વંદનીય બ્રહ્મનિષ્ઠ સંતો તેમજ દેશ-વિદેશથી હજારો હરિભક્તો પધારી લાભ લીધો હતો.

Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007